દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

દૈનિક
# મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 305 ❖ સોમવાર 05 મે 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

આજ નો સુવિચાર

**જીવનમાં બધું મળવું નથી, જો મળ્યું છે તેની કદર કરો.**

## સંક્ષિપ્ત સમાચાર

### રાજસ્થાન બાદ અમૃતસરથી બે શંકાસ્પદ પાકિસ્તાની જાસૂસો પકડાયા, સૈન્યની માહિતી લીક કર્યાનો દાવો

પંજાબના અમૃતસરમાં ગઈકાલે 3 મેના રોજ આર્મી કેન્ટોનમેન્ટ અને એરબેઝ વિસ્તારોની સંવેદનશીલ માહિતી અને ફોટોગ્રાફ લીક કરવાના આરોપસર બે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ બંને પાકિસ્તાની જાસૂસો હોવાની આશંકા છે. પલક શેર મસીહ અને સૂરજ મસીહ તરીકે ઓળખાતા આરોપીઓ પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓના સંપર્કમાં હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. ધરપકડ કરવામાં આવેલા બંને શકમંદ આરોપીઓ હરપ્રીત સિંહ ઉર્ફે પિટ્ટુ ઉર્ફે હેપ્પીના નિર્દેશોના આધિન આ કામગીરી કરી રહ્યા હોવાની બાતમી મળી છે. હરપ્રીતસિંહ હાલ અમૃતસર સેન્ટ્રલ જેલમાં બંધ છે. પહલગામ આતંકી હુમલા બાદ દેશવ્યાપી આંતકવાદીઓ અને પાકિસ્તાની જાસૂસોને શોધી કાઢવાની કવાયત વેગવાન બની છે.પોલીસ અધિકારીએ જણાવ્યા પ્રમાણે, આ શકમંદો પર કેન્ટોનમેન્ટ અને એરબેઝ વિસ્તારોની સુરક્ષાના વિઝ્યુઅલ્સ, તેમજ અહીં ચાલી રહેલી વ્યૂહાત્મક માહિતી શેર કરી હોવાનો આરોપ છે. દેશની સુરક્ષાને ધ્યાનમાં લેતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.

## પંજાબમાં ભારે કરી હોં... યુદ્ધમાં વપરાયેલી એરફોર્સની હવાઈ પટ્ટી કબજો કરી બારોબાર વેચી મારી, મામલો હાઈકોર્ટ પહોંચ્યો




પંજાબના ફિરોઝપુરમાં ભારતીય એરફોર્સની હવાઈ પટ્ટીને બારોબાર વેચી દેવાનો મામલો પંજાબ-હરિયાણા હાઈકોર્ટ પહોંચ્યો છે. હાઈકોર્ટે આ મામલે આકરુ વલણ અપનાવ્યું હતું અને સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા હતા. આ હવાઈ પટ્ટી ફાૂવાલા ગામમાં આવેલી છે. જેનો ઉપયોગ ભારતીય એરફોર્સ દ્વારા 1962, 1965 અને 1971ના યુદ્ધમાં કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અધિકારીઓને ઝાટક્યાફિરોઝપુરના ડેપ્યુટી કમિશનર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા હાઈકોર્ટે ઉધડો લીધો હતો અને કહ્યું હતુ કે, 'બ્યૂરોક્રેસી પાસેથી એટલી તો અપેક્ષા રાખી જ શકાય કે તેઓ જવાનો માટે કોઈ અડચણ ઊભી ન કરે.' હાઈકોર્ટના ન્યાયાધીશ હરપ્રીતસિંહે કહ્યું હતું કે, 'દુઃખદ બાબત એ છે કે સેનાએ આ સમગ્ર મામલે તપાસ કરાવવા માટે પંજાબ સરકાર પાસે જવુ પડ્યું હતું. આ મામલે ડેપ્યુટી કમિશનર દ્વારા જે વલણ અપનાવાયું છે તે રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ સમાન છે.'00:02/02:27હાઈકોર્ટે પંજાબ વિજિલંસ બ્યૂરોના ડાયરેક્ટરને વ્યક્તિગત આ મામલાની તપાસ કરવા આદેશ આપ્યો હતો અને ચાર સપ્તાહમાં તપાસ પૂર્ણ કરીને રિપોર્ટ રજુ કરવા કહ્યું હતું. હાઈકોર્ટમાં નિશાનસિંહ દ્વારા અરજી કરવામાં આવી હતી. જેમાં તેમણે મામલાની સીબીઆઈ અથવા સ્વતંત્ર રીતે તપાસની માગણી કરી હતી.

## બદ્રીનાથ ધામના કપાટ ખુલ્યાં, રાવલે કરી ગણેશ પૂજા, ફૂલોથી મંદિરનો ભવ્ય શણગાર, ભક્તોમાં ભારે ઉત્સાહ



આજે સવારે 6 વાગ્યે બદ્રીનાથ ધામના કપાટ ખુલ્યા. પહેલીવાર મંદિરના નવા રાવલ (પૂજારી) અમરનાથ નંબુદરીએ ગણેશ પૂજા કરી. ત્યારબાદ દ્વાર પૂજા કર્યા બાદ મંદિરના કપાટ ખોલી દેવામાં આવ્યા. આ દરમિયાન પુજારી સુરેશ સુયાલે કહ્યું કે કપાટ ખોલ્યા પછી ગર્ભગૃહની સફાઈ કરાશે અને ભગવાનને શુદ્ધ પાણીથી સ્નાન કરાવાશે. ત્યારબાદ નવા કપડાં અને આભૂષણોથી શણગારાશે. આ ધાર્મિક વિધિઓ ભગવાનને તેમના શીતકાલીન વિશ્રામ બાદ જગાડવા માટે કરવામાં આવે છે. આ વખતે કેટલાક પ્રતિબંધ લાગુ ઉલ્લેખનીય છે કે આ વર્ષે બદ્રીનાથ ધામ મંદિરના પરિસરમાં ફોટા અને વીડિયો બનાવવા સામે પ્રતિબંધ છે. જો નિયમ ભંગ કરાશે તો 5,000 રૂપિયાનો દંડ થઈ શકે છે. ભક્તો આગામી 6 મહિના સુધી ભગવાન બદ્રીવિશાળના દર્શન કરી શકશે. ગંગોત્રી - યમનોત્રી અને કેદારનાથ ધામના કપાટ ખુલ્યા પછી હવે ભક્તોને બદ્રીનાથના દર્શન કરવાનો ઈંતજાર હતો. 30 એપ્રિલથી ઉત્તરાખંડની ચાર ધામ યાત્રા શરુ થઈ ચૂકી છે. માન્યતા પ્રમાણે જે ચાર ધામના દર્શન કરી લે છે, તે જન્મ મરણના બંધનમાંથી મુક્ત થઈને મોક્ષની પ્રાપ્તિ કરે છે. આ પણ વાંચો : 4 દિવસ બાદ બુધનું મેષ રાશિમાં થશે ગોચર, આ રાશિના જાતકોનું ભાગ્ય પલટી જશે ઉત્તરાખંડના હિમાલયી ગઢવાલ પ્રદેશના બદ્રીનાથ શહેરમાં આવેલા બદ્રીનાથ લગભગ 3100 મીટરની ઉંચાઈએ આવેલું છે. બદ્રીનાથ મંદિર સાથે જોડાયેલી એક ધાર્મિક માન્યતા છે કે મંદિરમાં જવાથી વ્યક્તિના બધા પાપો ધોવાઈ જાય છે. બદ્રીનાથ ધામના દરવાજા ખુલ્યાં બદ્રીનાથ ધામ ભગવાન વિષ્ણુનું નિવાસસ્થાન છે. 2 મેના રોજ કેદારનાથ ધામના કપાટ ખુલ્યા બાદ બદ્રીનાથના કપાટ પણ આજે ખુલી ગયા. બદ્રીનાથને ચારધામ યાત્રાનો છેલ્લો પડાવ માનવામાં આવે છે. અહીં ગયા વિના ચારધામ યાત્રા અધૂરી માનવામાં આવે છે. બદ્રીનાથ મંદિર અને વિશાળ સિંહદ્વારને 40 ક્વિંટન ફૂલોથી સજાવવામાં આવ્યું ધામના કપાટ ખોલતા પહેલા બદ્રીનાથ મંદિર અને વિશાળ સિંહદ્વારને 40 ક્વિંટન ફૂલોથી સજાવવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશ, દિલ્હી-એનસીઆર, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિત દેશભરમાંથી શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. રવિવારે કપાટ ખુલતા પહેલા જ શનિવાર સાંજથી દર્શન પથ પર તીર્થ યાત્રીઓની લાઈનો લાગી ગઈ હતી.

## પાકિસ્તાનનું નાક દબાવવા લડાઈ નહીં પણ બૌદ્ધિક ઠંડા યુદ્ધના માર્ગે ચાલ્યું ભારત?



જમ્મુ-કાશ્મીરના પહલગામના બૈસારનમાં આતંકીઓએ હિન્દુઓની નામ પૂછીને હત્યા કરવાના પગલે દેશભરમાં ભારે આક્રોશ ફેલાયેલો છે ત્યારે ભારત સતત પાકિસ્તાન પર ગાળીયો મજબૂત કરી રહ્યું છે. ભારતે હવે પાકિસ્તાનનું નાક દબાવવા માટે તાત્કાલિક અસરથી પરોક્ષ વેપાર પર પ્રતિબંધ મૂકી દીધો છે. ભારતે પાકિસ્તાન સાથે પોસ્ટલ અને પાર્સલ સેવા બંધ કરવાની તથા ભારતના બંદરોમાં પાકિસ્તાનના ધ્વજવાળા કોઈપણ જહાજના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા આદેશો આપ્યા છે. આ રીતે ભારતે પાકિસ્તાનની એરલાઈન્સ માટે એર સ્પેસ બંધ કર્યા પછી હવે પાકિસ્તાનના હવા, પાણી અને જમીન પરથી થતા વેપાર-પરિવહન બંધ કરી દીધા છે. જમ્મુ-કાશ્મીરના પહલગામના બૈસારનમાં 26 હિન્દુઓની નામ પૂછીને હત્યા કરવાના સંદર્ભમાં 22એપ્રિલે આતંકી હુમલાના દિવસ પછી ભારતે પાકિસ્તાન વિરુદ્ધ સિંધુ જળ સમજૂતી અટકાવી દેવા, પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા, હાઈ કમિશનમાં રાજદ્વારીઓની સંખ્યા ઘટાડી નાંખવા, એર સ્પેસ બંધ કરવા સહિત અનેક પગલાં લીધા છે. રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર નીતિના ધોરણોએ ભારત સરકાર દ્વારા તબક્કાવાર લેવાયેલા આ પગલાં નજીકના સમયમાં યુદ્ધના ભણકારાના સંકેતો આપે છે. આ દિશામાં આગળ વધતા ભારતે શનિવારે પાકિસ્તાનમાંથી દરેક પ્રકારની આયાત અને નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે. પાકિસ્તાન અનેક વસ્તુઓની આયાત માટે ભારત પર નિર્ભર હોવાથી સરકારના આ પગલાંને પાકિસ્તાન પર મોટા ફટકા સમાન જોવામાં આવે છે વર્ષ ૨૦૧૯ની ફેબ્રુઆરીમાં પુલવામા હુમલા પછી ભારતે પાકિસ્તાનમાંથી આયાત પર 200 ટકા ડ્યુટી નાંખતા સીધી આયાત લગભગ બંધ થઈ ગઈ હતી. જોકે, શનિવારે લીધેલા નિર્ણયથી હવે ત્રીજા દેશ મારફત આયાત પણ બંધ થઈ જશે. એપ્રિલથી જાન્યુઆરી 2024-25માં પાકિસ્તાનમાં ભારતની નિકાસ 44.76 લાખ યુએસ ડોલર હતી જ્યારે આયાત માત્ર 4.20 લાખ યુએસ ડોલર હતી. પાકિસ્તાનમાંથી આયાત માત્ર અંજીર, તુલસી અને રોઝમેરી ઔષધીઓ, કેટલાક રસાયણો, મુલતાની માટી અને હિમાલયન સિંધવ મીઠા સુધી મર્યાદિત હતી. 2023-24 માં ભારતની આયાત 28.8 લાખ યુએસ ડોલર જેટલી હતી. જોકે, પહલગામ આતંકી હુમલા પછી ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ શુક્રવારે જાહેર કરેલા નોટિફિકેશનમાં વિદેશ વેપાર નીતિ (એફટીપી) 2023માં વધુ આદેશ ના આવે ત્યાં સુધી પાકિસ્તાનમાંથી ત્રીજા દેશ મારફત પણ કોઈપણ સામાનની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકારે રાષ્ટ્રીય હિતો અને જાહેર નીતિના સંદર્ભમાં આ નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે. પાકિસ્તાન સાથે વેપાર બંધ કરવાની સાથે ભારતે પાકિસ્તાનમાં પોસ્ટલ અને પાર્સલ સેવાઓના આવાગમન પર પણ પ્રતિબંધ મૂકી દીધો છે. બીજીબાજુ ભારતીય બંદરો પર પાકિસ્તાનના ધ્વજવાળા કોઈપણ જહાજને પ્રવેશ નહીં આપવાનો પણ સરકારે આદેશ આપ્યો છે. આ સાથે ભારતીય ઝંડાવાળા કોઈપણ જહાજોને પાકિસ્તાનના કોઈપણ બંદરો પર જવા પર પ્રતિબંધ મૂકાયો છે. રાષ્ટ્રીય હિતમાં અને ભારતીય સમુદ્રી સંપત્તિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાની સુરક્ષા માટે જાહેર કરાયેલા આ નિર્દેશ તાત્કાલિક અસરથી લાગુ કરાયા છે. આ આદેશનો આશય વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે સમુદ્રી સુરક્ષાને મજબૂત કરવાનો છે. આ સિવાય ભારતે પાકિસ્તાન સાથે પોસ્ટલ અને પાર્સલ સેવા પર પણ પ્રતિબંધ મૂકી દીધો છે. હવાઈ અને જમીની બંને માર્ગોથી આવતી પોસ્ટ અને પાર્સલ પર પ્રતિબંધ મૂકાયો છે. તેથી હવે પાકિસ્તાનમાંથી કોઈ પત્ર અથવા પાર્સલ કે કુરિયર ભારત નહીં આવી શકે અને ભારતમાંથી પાકિસ્તાનમાં મોકલી નહીં શકાય.

## 260 લોકોના મોત, 70000થી વધુ બેઘર, મણિપુર હિંસાને બે વર્ષ પૂરાં, કુકી-મૈતેઈ દ્વારા સજ્જડ બંધ



3 મે 2023ના રોજ મણિપુરમાં હિંસાની શરૂઆત થઇ હતી, જેને બે વર્ષ વીતી ગયા છે. આ હિંસામાં અત્યાર સુધીમાં 260થી વધુ લોકો માર્યા ગયા છે જ્યારે બે હજારથી વધુ ઘવાયા હતા, તેમજ 70 હજારથી વધુ વિસ્થાપિત થઇ ગયા છે અને રાહત કેમ્પોમાં રહેવા મજબુર છે. એવામાં ત્રણ મેના રોજ વિવિધ સંગઠનોએ મણિપુર બંધની જાહેરાત કરી હતી. જેથી શનિવારે મણિપુરમાં બંધ પાળવામાં આવ્યો હતો. જેની અસર સામાન્ય જનજીવન પર જોવા મળી હતી. મણિપુરમાં બે વર્ષ પહેલા મૈતેઇ અને કુકી સમુદાય વચ્ચે હિંસાની શરૂઆત થઇ હતી, આ હિંસાને ત્રણ વર્ષ વીતી ગયા છે. એવામાં જે પણ લોકો માર્યા ગયા છે તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે મૈતેઇ અને કુકી સમુદાય દ્વારા બંધનું એલાન કરવામાં આવ્યું હતું. મૈતેઇ સંગઠનોએ ઘાટીના જિલ્લાઓમાં જ્યારે કુકી સંગઠનોએ પહાડી જિલ્લાઓમાં બંધની જાહેરાત કરી હતી. જેને પગલે સમગ્ર મણિપુર ત્રણ મેના રોજ સજ્જડ બંધ જોવા મળ્યું હતું. માર્કેટો, શાળા-કોલેજો બંધ રહ્યા હતા સાથે જ સરકારી વાહનો જેમ કે બસ ટ્રાન્સપોર્ટ સર્વિસ વગેરે પણ બંધ રહ્યા હતા. બંધને પગલે સુરક્ષા માટે જાહેર સ્થળોએ મોટાપાયે સુરક્ષાદળોના જવાનોને તૈનાત કરાયા હતા. સમાજના સામુહિક સંગઠન કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટેગ્રિટીએ ઈમ્ફાલમાં કેન્ડર માર્ચ કાઢી હતી અને મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જ્યારે પહાડી જિલ્લાઓ ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લામાં કુકી સમુદાયના લોકોએ વિભાજન દિવસ મનાવ્યો હતો અને પોતાના માટે અલગ પ્રાંતની માગણી કરી હતી. ચુરાચંદપુર જિલ્લામાં હિંસામાં માર્યા ગયેલા લોકોની યાદમાં એક યાદગીરીની દિવાલ બનાવાઇ છે જ્યાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બીજી તરફ હિંસાના ત્રણ વર્ષ છતા કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપો લગાવ્યા હતા અને હિંસા રોકવામાં નિષ્ફળ ગયા હોવાનો દાવો કર્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે મોદી મણિપુરમાં રાજધર્મ નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે. રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું હોવા છતા મણિપુરની જમીની સ્તરની સ્થિતિ અલગ છે. મણિપુરમાં ફરી ચૂંટણી યોજાવી જોઈએ.

## પદ્મશ્રી સન્માનિત 128 વર્ષીય યોગ ગુરુ બાબા શિવાનંદનું નિધન, વારાણસીમાં લીધા અંતિમ શ્વાસ




વારાણસીમાં 128 વર્ષીય યોગ ગુરૂ બાબા શિવાનંદનું શનિવારે રાત્રે 8.45 વાગ્યે નિધન થયુ છે. છેલ્લા ત્રણ દિવસથી શ્વાસ લેવામાં તકલીફ થતાં તેઓ BHUમાં દાખલ હતા. બાબા શિવાનંદે પોતાનું આખુ જીવન યોગ સાધનામાં સમર્પિત કર્યું હતું. સાદુ જીવન અને બ્રહ્મચર્યનું પાલન કરતાં હતાં. તેમને 21 માર્ચ, 2022ના રોજ પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત થનારા લોકોમાં તેઓ સૌથી વરિષ્ઠ વ્યક્તિ હતાં. બાબા શિવાનંદના અંતિમ સંસ્કાર વારાણસીના હરિશ્ચંદ્ર ઘાટ પર કરવામાં આવ્યા હતાં. તેઓ વારાણસીના ભેલુપુરમાં દુર્ગાકુંડ વિસ્તારમાં રહેતાં હતાં. ત્યાં જ તેમનો આશ્રમ હતો. બાબા શિવાનંદનો જન્મ 8 ઓગસ્ટ, 1896ના રોજ પશ્ચિમ બંગાળની શ્રીહટ્ટીમાં એક ભિક્ષુક બ્રાહ્મણ ગોસ્વામી પરિવારમાં થયો હતો. આ સ્થળ હાલ બાંગ્લાદેશમાં સ્થિત છે.

તેમના માતા-પિતા ભીક્ષા માગી ગુજરાન ચલાવતા હતાં. ચાર વર્ષની વયે તેમના માતા-પિતાએ શિવાનંદ બાબાને નવદ્વીપ સ્થિત બાબા ઓમકારનંદ ગોસ્વામીને સોંપ્યા હતાં.આ પણ વાંચોઃ અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા સહિત ગુજરાતના અનેક ભાગમાં કમોસમી વરસાદ, વાતાવરણમાં ઠંડક પ્રસરીગુરૂના સાનિધ્યમાં આધ્યાત્મિક શિક્ષણ લીધુંશિવાનંદ બાબા છ વર્ષના હતા, ત્યારે તેમના માતા-પિતા અને બહેનનું ભૂખના કારણે નિધન થયુ હતું. ત્યારબાદ તેઓએ પોતાના ગુરૂના સાનિધ્યમાં આધ્યાત્મિક શિક્ષણ મેળવ્યું હતું.

ગુરૂની પ્રેરણાથી તેઓ જીવનપર્યત બ્રહ્મચર્ય રહ્યાં. જીવનકાળ દરમિયાન તેઓ યોગ સાધનામાં લીપ્ત રહેતા હતા. સાદુ ભોજન અને યોગીઓ જેવી જીવનશૈલીનું અનુસરણ કરતાં શિવાનંદ પોતાનો ભારતના નાગરિક હોવાનો અધિકાર ક્યારેય ભૂલતા ન હતાં. તેઓ વારાણસીમાં ચૂંટણી દરમિયાન અવશ્ય મત આપતા હતાં. સાદગીનો પર્યાય હતા બાબા શિવાનંદ128 વર્ષીય બાબા શિવાનંદ ઉંમર હોવા છતાં કઠિનથી કઠિન યોગાસન કરતાં હતાં. તેઓ શિવભક્ત હતાં. બાબા શિવાનંદ રોજે વહેલી પરોઢે ચાર વાગ્યે ઉઠી જતાં હતાં. ત્યારબાદ સ્નાન કરી ધ્યાન અને યોગમાં વ્યસ્ત રહેતા હતાં. ઈશ્વરની કૃપાથી તેમને કોઈ મોહ-માયા ન હતી. ક્યારેય પણ શાળાનું પગથિયું ન ચડેલા બાબા શિવાનંદ સારૂ એવુ અંગ્રેજી પણ બોલતાં હતાં. બાબા શિવાનંદને જ્યારે 21 માર્ચ, 2022માં પદ્મશ્રી એવોર્ડ લેવા બોલાવવામાં આવ્યા, ત્યારે તેઓ ઉઘાડા પગે દિલ્હી રાષ્ટ્રપતિ ભવન આવ્યા હતાં. વડાપ્રધાન મોદીનો તેમણે ઘૂંટણીયે પડીને આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારે વડાપ્રધાન પણ તુરંત પોતાની ખુરશી છોડી તેમના સન્માનમાં ઝૂક્યા હતા.

## મોદી સરકારે અચાનક IMFમાંથી કાર્યકારી નિર્દેશકને પદથી હટાવ્યાં, પાક. અંગે બેઠક પહેલા મોટો નિર્ણય




મોદી સરકારે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF) માંથી ભારતના એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર ડૉ. કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યનને પદ પરથી હટાવી દીધા છે. આ નિર્ણય મોદી કેબિનેટની નિમણૂક સમિતિએ 30 એપ્રિલના આદેશમાં જણાવ્યું છે. આદેશમાં કહ્યું છે કે મંત્રીમંડળની નિમણૂક સમિતિ (ACC) એ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડમાં ભારતના કાર્યકારી નિર્દેશક તરીકે ફરજ બજાવતા ડૉ. કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યનની સેવાઓ તાત્કાલિક અસરથી ખતમ કરવામાં આવે છે. કેમ હટાવ્યાં કૃષ્ણમૂર્તિને? કેટલાક અહેવાલોમાં એવો દાવો કરાયો છે કે આઈએમએફના ડેટાસેટ કલેક્શન પ્રોસેસ અને રેટિંગ સિસ્ટમ અંગે સવાલો ઊઠાવાયા હતા. જેના કારણે સંગઠનમાં કૃષ્ણમૂર્તિને લઈને મતભેદો ઊભા થયા હતા. બીજી બાજુ ભારત સરકાર આઈએમએફમાં દેશના પક્ષ અંગે પણ નાખુશ હતી એટલા માટે તાત્કાલિક અસરથી તેમને હટાવી દીધા છે. 6 મહિના અગાઉ જ રાજીનામું લેવાયું ડૉ. સુબ્રમણ્યન ઓગસ્ટ 2022થી આ પદ માટે નોમિનેટ થયા હતા અને તેમણે 1 નવેમ્બર 2022ના રોજ આ પદભાર સંભાળ્યો હતો. તેમનો કાર્યકાળ ત્રણ વર્ષનો હતો જે નવેમ્બર 2025માં ખતમ થવાનો હતો પણ મોદી સરકારને 6 મહિના અગાઉ જ ચોંકાવનારો નિર્ણય લેતા બધાને વિચારતા કરી દીધા છે. પાકિસ્તાનને ફન્ડિંગ રોકવાનો છે પ્લાન? IMFની સત્તાવાર વેબસાઈટ અનુસાર, કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ 2 મે સુધી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પર હતા. જ્યારે ભારત, બાંગ્લાદેશ, ભૂટાન અને શ્રીલંકાનું પ્રતિનિધિત્વ કરતી આ બેઠક 3 મેથી ખાલી.

## તંત્રી લેખ



### જાતિ વસ્તી ગણતરીના ફાયદા અને ગેરફાયદા, શું સામાજિક ન્યાયને ખરેખર નવી ઉડાન મળે છે કે નહીં?

જાતિગત વસ્તી ગણતરી કરવાનો અણધાર્યો નિર્ણય લીધો. લગભગ સો વર્ષ પછી સંપૂર્ણ જાતિગત વસ્તી ગણતરી થશે. કદાચ 2031 સુધીમાં આપણે જાતિઓનો અધિકૃત ડેટા મેળવી શકીશું. છેલ્લી જાતિ વસ્તી ગણતરી 1931 માં હાથ ધરવામાં આવી હતી. ભાજપ અને કોંગ્રેસ બંને સમયાંતરે આ મુદ્દા પર પોતાનું વલણ બદલી રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ આ અંગે પોતાનું વલણ બદલ્યું છે. હવે વિપક્ષી પક્ષો વચ્ચે જાતિગત વસ્તી ગણતરીના નિર્ણયનો શ્રેય લેવાની સ્પર્ધા ચાલી રહી છે. મોદીએ આ નિર્ણય ત્યારે લીધો જ્યારે વિપક્ષી પક્ષોને તેની અપેક્ષા ઓછી હતી. બધાનું ધ્યાન પહેલગામ આતંકવાદી હુમલા પર હતું અને વિપક્ષ મોદી સરકારની સાથે ઉભો હતો. આ નિર્ણયને બિહારમાં આગામી ચૂંટણીઓ સાથે પણ જોડવામાં આવી રહ્યો છે, જ્યાં તેજસ્વી યાદવ અને રાહુલ ગાંધી જાતિ વસ્તી ગણતરીને તેમનો મુખ્ય ચૂંટણી એજન્ડા બનાવીને મોદી-નીતીશને હરાવવા માંગતા હતા.બ્રિટિશ શાસનકાળ દરમિયાન ૧૮૮૧ થી ૧૯૩૧ દરમિયાન જાતિગત વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી, ત્યારે તેને શા માટે બંધ કરવામાં આવી હતી અને લગભગ સો વર્ષ પછી હવે તેને શા માટે ફરી શરૂ કરવામાં આવી રહી છે? ૧૯૪૧માં જાતિગત વસ્તી ગણતરી પણ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તેનો ડેટા પ્રકાશિત કરવામાં આવ્યો ન હતો. સ્વતંત્રતા પછી, ૧૯૫૧ થી ૨૦૧૧ દરમિયાન આંશિક જાતિ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી, જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની ગણતરી કરવામાં આવી હતી. ૧૯૪૧માં, વસ્તી ગણતરી કમિશનર એમડબ્લ્યુએમ યેટ્સે જાતિગત વસ્તી ગણતરીને ખર્ચાળ, સમય માંગી લે તેવી, સામાજિક રીતે પ્રતિકૂળ અને ડૉ. આંબેડકરના જાતિવિહીન સમાજના વિઝનમાં અવરોધ ગણાવી હતી. જાતિગત વસ્તી ગણતરીથી દલિતો અને આદિવાસીઓ પર કોઈ ફરક પડતો નથી કારણ કે તેમની ગણતરી નિયમિતપણે કરવામાં આવે છે, પરંતુ અન્ય પછાત વર્ગો (OBC) માને છે કે તેમને હવે તેનો લાભ મળશે, પરંતુ કોઈને ખબર નથી કે આ કેવી રીતે થશે? શું જાતિગત વસ્તી ગણતરી ફક્ત ચૂંટણીનો ખેલ છે અને રાજકીય પક્ષો દ્વારા સમાજના એક મોટા વર્ગને આકર્ષવા માટે એક કવાયત છે? અલબત્ત, જાતિગત વસ્તી ગણતરી OBC જાતિઓનો ડેટા પણ પ્રદાન કરશે અને અનામતના પેટા-વર્ગીકરણથી તેમને કેટલાક ફાયદા પણ મળશે, પરંતુ ભવિષ્ય કહેશે કે જાતિવાર વસ્તી ગણતરી ખરેખર સામાજિક ન્યાયને નવી ગતિ આપશે કે નહીં. જો સામાજિક ન્યાય ફક્ત જાતિગત વસ્તી ગણતરી દ્વારા જ સ્થાપિત થઈ શક્યો હોત, તો શું SC-ST સમાજને ઈચ્છિત સામાજિક ન્યાય મળ્યો હોત? એ વાત સાચી છે કે એક કે બે દલિત જાતિઓની સ્થિતિમાં સુધારો થયો છે, પણ બાકીની સેંકડો જાતિઓનું શું? આદિવાસીઓમાં પણ આવી જ સ્થિતિ છે.બંધારણ મુજબ, વસ્તી ગણતરીનો એકાધિકાર સંસદ એટલે કે કેન્દ્ર પાસે છે, પરંતુ બિહાર, કર્ણાટક વગેરેએ પોતપોતાના વિસ્તારોમાં જાતિ સર્વેક્ષણ કરાવ્યું. જોકે તેમાં પારદર્શિતાનો અભાવ હતો અને તેના રાજકીય પરિણામો હતા. જે રાજ્યોએ જાતિ સર્વેક્ષણો કર્યા અને વિવિધ જાતિઓનો ડેટા મેળવ્યો, તેમણે ઓબીસીના ભલા માટે કયા પગલાં લીધાં.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# ક્રેડિટ કાર્ડ ક્યાંક કંગાળ ન કરી દે!:આ 8 ભૂલો ક્યારેય ન કરો, ફાઈનાન્સિયલ એક્સપર્ટ પાસેથી જાણો ઉપયોગ કરવાની સાચી રીત

તાજેતરમાં મારા મિત્રએ ક્રેડિટ કાર્ડ લીધું. ક્રેડિટ કાર્ડ મળતાની સાથે જ તેણે 56,000 રૂપિયાનો સ્માર્ટફોન ખરીદ્યો. માસિક આવક કરતાં વધુ મોંઘો ફોન ખરીદતાં જ બીજો હપ્તો ચૂકી ગયો. તેના પર ભારે મોટી ચુકવણી અને વ્યાજ દર વસૂલવામાં આવ્યો. ઘણા લોકો આવી ભૂલો કરે છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (R B I ) અનુસાર, ડિસેમ્બર 2024 સુધી ક્રેડિટ કાર્ડ પર કુલ બાકી રકમ 6,742 કરોડ રૂપિયા હતી. આ રકમ વર્ષ 2023 કરતાં 1500 કરોડ રૂપિયા વધુ છે.એટલે કે, ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં બેદરકારી અથવા માહિતીના અભાવે, લોકો દેવાની જાળમાં ફસાઈ રહ્યા છે. EMI ચૂકી જવા અથવા મર્યાદા ઓળંગવા (લિમિટ એક્સીડ)ના કિસ્સામાં, ક્રેડિટ કાર્ડ કંપનીઓ અથવા બેંકો ઊંચા વ્યાજ દરો સાથે દંડ પણ વસૂલ કરે છે.આવી સ્થિતિમાં, આજે આપણે 'તમારા પૈસા' કોલમમાં જાણીશું કે-શું તમે ક્રેડિટ કાર્ડને કારણે દેવાની જાળમાં ફસાઈ શકો છો?ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાની સાચી રીત કઈ છે?ક્રેડિટ કાર્ડના ફાયદા શું છે?પ્રશ્ન- ક્રેડિટ કાર્ડ શું છે?જવાબ: આપણે ડેબિટ કાર્ડ (ATM કાર્ડ) દ્વારા આપણે બેંક ખાતામાંથી પૈસા ઉપાડી શકીએ છીએ. જ્યારે, ક્રેડિટ કાર્ડ દ્વારા આપણે બેંક અથવા N B F C ( નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની) પાસેથી લોન લઈને ખરીદી કરી શકીએ છીએ. દર મહિને ક્રેડિટ કાર્ડના ખર્ચનું બિલ મળે છે, જે ચોક્કસ તારીખ સુધીમાં ચૂકવવાનું હોય છે. જો ચુકવણી ન થાય, તો બાકીની રકમ પર વ્યાજ ચૂકવવું પડે છે.પ્રશ્ન- શું ક્રેડિટ કાર્ડને કારણે દેવાની જાળમાં ફસાઈ શકીએ છીએ?જવાબ: હા, જો તમે તમારા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં ભૂલ કરો છો અથવા બેદરકારી દાખવો છો, તો તમે દેવાની જાળમાં ફસાઈ શકો છો. કમાણી કરતાં વધુ ખર્ચ કરવાની આદત અને ખરીદીનું વ્યસન તમને કરજામાં ડૂબાડી શકે છે.સંપત્તિથી વધુ ખર્ચ થવાને કારણે, ક્રેડિટ કાર્ડના બિલ ચૂકવવા મુશ્કેલ બની જાય છે. ઊંચા વ્યાજ દરોને કારણે, લોકો ઘણા મહિનાઓ સુધી બાકી રકમ ચૂકવતા રહે છે. તેનાથી લોનની રકમ ત્યાં ને ત્યાં જ રહે છે.પ્રશ્ન: ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી વખતે કઈ ભૂલો ન કરવી જોઈએ?જવાબ: ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી વખતે થયેલી ભૂલો તમારા ક્રેડિટ સ્કોર અને ખિસ્સા બંનેને અસર કરી શકે છે. તેવામાં કેટલીક ભૂલો હંમેશા ટાળવી જોઈએ.બિલની ચુકવણીમાં વિલંબ ન કરો, કારણ કે તેનાથી વ્યાજ વધે છે અને ક્રેડિટ સ્કોર બગડે છે.ફક્ત લઘુત્તમ બાકી રકમ (મિનિમમ ડ્યૂ અમાઉન્ટ) ન ચૂકવો, કારણ કે તેનાથી લોન લાંબા સમય સુધી ચાલુ રહે છે અને વ્યાજ વધતું રહે છે.ક્રેડિટ મર્યાદાની નજીક કે તેનાથી વધુ ખર્ચ ન કરો, તેનાથી તમારો CIBIL સ્કોર બગડી શકે છે. (CIBIL સ્કોર એ ત્રણ-અંકનો નંબર છે, જે 300 થી 900 સુધીનો હોય છે, જે વ્યક્તિની ક્રેડિટ યોગ્યતા દર્શાવે છે. તમારી સમયસર લોન કે ક્રેડિટ કાર્ડ બિલ ચૂકવવાની શક્યતાનું મૂલ્યાંકન કરવા માટે ધિરાણકર્તાઓ આ સ્કોરનો ઉપયોગ કરે છે.)ક્રેડિટ કાર્ડમાંથી રોકડ ન ઉપાડો, તેનાથી તરત જ વ્યાજ અને અન્ય ચાર્જ લાગવાના શરૂ થઈ જાય છે.દરેક ખરીદી પર EMI પસંદ ન કરો, તેનાથી ધીમે ધીમે કરજો/ઋણ વધી શકે છે.રિવોર્ડ પોઈન્ટ્સ અને ઑફર્સના લોભમાં જરૂર કરતાં વધુ ખર્ચ ન કરો, તેનાથી બજેટ બગડી શકે છે.જરૂર ન હોય તો ઘણાં બધાં ક્રેડિટ કાર્ડ ન રાખો. તેના કારણે ચુકવણી અને નિયત તારીખ (ડ્યૂ ડેટ) ભૂલી શકો છો. કાર્ડ માટે વાર્ષિક ચાર્જ પણ લાગે છે.સ્ટેટમેન્ટ વાંચ્યા વિના ક્યારેય ચુકવણી ન કરો, તેનાથી ખોટા ચાર્જ અને છેતરપિંડીથી બચી શકશો.પ્રશ્ન- ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાની સાચી રીત કઈ છે?જવાબ: ક્રેડિટ કાર્ડનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી ખૂબ જ જરૂરી છે. ચાલો તેને ગ્રાફિક દ્વારા સમજીએ.તમારા ખર્ચાઓ પર નજર રાખો: કાર્ડની ક્રેડિટ મર્યાદા અને ખર્ચાઓ પર નજર રાખો. બિનજરૂરી ખરીદી ટાળો.સમયસર બિલ ચૂકવો: ક્રેડિટ કાર્ડ બિલની ચુકવણી નિયત તારીખ પહેલાં કરી દો. તેનાથી તમારું વ્યાજ બચશે અને ક્રેડિટ સ્કોર પણ સુધરશે.લઘુત્તમ ચુકવણી ટાળો: ફક્ત લઘુત્તમ રકમ એટલે કે ડ્યૂ અમાઉન્ટની ચુકવણી ન કરો. તેના કારણે તમે વ્યાજની જાળમાં ફસાઈ શકો છો. હંમેશા પૂરેપૂરી બાકી રકમ ચૂકવવાનો પ્રયાસ કરો. જો આ શક્ય ન હોય તો લોનને E M I માં રૂપાંતરિત કરો.ક્રેડિટ લિમિટનો ઉપયોગ મર્યાદિત કરો: ક્રેડિટ મર્યાદાના 30%-40%થી વધુ ઉપયોગ ન કરો. તેનાથી તમારો CIBIL સ્કોર સુધરશે.રોકડ ઉપાડવાનું ટાળો: બેંકો દરેક વ્યવહાર પર 2.5% થી 3.5% સુધીની એડવાન્સ ફી વસૂલ કરે છે. આ 300 થી 500 રૂપિયા કે તેથી વધુ હોઈ શકે છે. ઉપરાંત, વ્યાજ દર વાર્ષિક 36% થી 48% સુધીનો હોય છે.રિવૉર્ડ અને ઑફર્સનો લાભ લો: ક્રેડિટ કાર્ડ સાથે આવતા રિવૉર્ડ પોઈન્ટ્સ, કેશબેક અને ઑફર્સનો લાભ લો. તેનાથી તમારા ખિસ્સા પર કોઈ બોજ નહીં પડે.નિયમિતપણે ક્રેડિટ રિપોર્ટ તપાસો: દર બીજા કે ત્રીજા મહિને ક્રેડિટ સ્કોર તપાસતા રહો. તેનાથી તમારા ખર્ચ, દેવા અને ભૂલોનો હિસાબ મળે છે.પ્રશ્ન- ક્રેડિટ કાર્ડના ગેરફાયદા શું છે?જવાબ: ક્રેડિટ કાર્ડના ફાયદા અને ગેરફાયદા બંને છે. એક નાની ભૂલ મોટી ભૂલ બની શકે છે, જેનાથી તમારી આર્થિક સ્થિતિ બગડી શકે છે.ઊંચા વ્યાજ દર: સમયસર સંપૂર્ણ ચુકવણી ન કરવાથી ઊંચા વ્યાજ દર લાગે છે, જેના કારણે દેવું ઝડપથી વધી શકે છે.વધુ પડતો ખર્ચ કરવાનું જોખમ: ક્રેડિટ કાર્ડ પર આપવામાં આવતી છૂટને કારણે લોકો જરૂરિયાતથી વધુ ખર્ચો કરે છે અને દેવામાં ડૂબી જાય છે.ઘણાં બધાં શુલ્ક: ક્રેડિટ કાર્ડ પર વાર્ષિક શુલ્ક, લેટ ફી, રોકડ એડવાન્સ ફી વગેરે જેવા અનેક શુલ્ક લાગે છે.ક્રેડિટ સ્કોર પર નકારાત્મક અસર: સમયસર ચુકવણી ન કરવાથી અથવા ક્રેડિટ મર્યાદાના 40% થી વધુનો ઉપયોગ કરવાથી ક્રેડિટ સ્કોર ખરાબ થઈ શકે છે. તેનાથી ભવિષ્યમાં લોન મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.ડેટ ટ્રેપ: જો કાળજીપૂર્વક ઉપયોગ કરવામાં ન આવે, તો વ્યક્તિ દેવાની જાળ (ડેટ ટ્રેપ)માં ફસાઈ શકે છે.પ્રશ્ન- શું ક્રેડિટ કાર્ડના ઘણા ફાયદા પણ છે?જવાબ: હા, જો ક્રેડિટ કાર્ડનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો તેના ઘણા ફાયદા છે. ચાલો તેને ગ્રાફિક દ્વારા સમજીએ.કેશલેસ સુવિધા: રોકડ વિના ખરીદી અને ચુકવણી કરવાની સુવિધા આપે છે.વ્યાજમુક્ત સમયગાળો: જો બાકી રકમ સમયસર ચૂકવવામાં આવે, તો કોઈ વ્યાજ લેવામાં આવતું નથી. આ માટે અલગ અલગ બેંકો અલગ અલગ સમય મર્યાદા આપે છે.રિવૉર્ડ અને કેશબેક: ક્રેડિટ કાર્ડ કંપનીઓ તેના યૂઝર્સને કેશબેક, ડિસ્કાઉન્ટ અને વિવિધ રિવોર્ડ્સ આપે છે.ક્રેડિટ સ્કોર બનાવવામાં મદદરૂપ: ક્રેડિટ કાર્ડનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાથી, સમયસર ચુકવણી કરવાથી ક્રેડિટ સ્કોર સુધરે છે. તેનાથી ભવિષ્યમાં લોન લેવાનું સરળ બને છે.ઈમરજન્સીમાં ઉપયોગી: ક્રેડિટ કાર્ડ અણધાર્યા ખર્ચ અથવા કટોકટી માટે બેકઅપ તરીકે કામમાં આવી શકે છે.સુરક્ષા: ક્રેડિટ કાર્ડ રોકડ કરતાં વધુ સુરક્ષિત છે. જો કાર્ડ ખોવાઈ જાય કે ચોરાઈ જાય, તો તમે બેંકને જાણ કરીને તેને બ્લોક કરાવી શકો છો.ઓનલાઈન શોપિંગ પર ડિસ્કાઉન્ટ: ક્રેડિટ કાર્ડ દ્વારા ઓનલાઈન શોપિંગ કરવાથી ડિસ્કાઉન્ટ મળે છે.પ્રશ્ન- ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કોણે ન કરવો જોઈએ?જવાબ: સામાન્ય રીતે દરેક વ્યક્તિ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. જોકે, એવા લોકો પણ છે. જેમની પાસે નાણાકીય સમજ ઓછી હોય છે અને તેઓ પોતાના ખર્ચાઓનું સંતુલન જાળવી શકતા નથી. તેમણે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ટાળવો જોઈએ.જે લોકો પોતાના ખર્ચાઓ પર નિયંત્રણ રાખી શકતા નથી: જો વિચાર્યા વગર ખર્ચ કરવાની ટેવ હોય, આવક કરતાં વધુ ખર્ચ કરવાની ટેવ હોય, તો ક્રેડિટ કાર્ડ લેતાં પહેલા આ ટેવ છોડી દો.જેમની સ્થિર આવક નથી: જેમની આવક અસ્થિર હોય, તેમને ક્રેડિટ કાર્ડના બિલ સમયસર ચૂકવવામાં મુશ્કેલી પડી શકે છે. આવા લોકોએ બેકઅપ સાથે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવો જોઈએ.




# હવે ફેટ બર્ન કરવી સરળ, આ 6 ટેવની મદદથી શરીરમાં જોવા મળશે કમાલ!

વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ ફિટ અને એક્ટિવ રહેવા માટે વજન ઘટાડવા માગે છે. અને તેના માટે તેઓ કંઈ પણ કરવા માટે તૈયાર રહે છે. એક તરફ જ્યાં વજન ઘટાડવા માટે કેટલાક લોકો કલાકો સુધી જિમમાં એક્સરસાઈઝ કરે છે, તો બીજી તરફ કેટલાક લોકો ખૂબ ડાયટિંગ કરે છે. જોકે, આટલું બધુ કરવા છતાં પણ ઘણા લોકોનું વજન ઓછું નથી થતું. જો તમે પણ તમારું વજન ઘટાડવા માગતાં હોવ અને વજન ન ઘટી રહ્યું હોય તો આજે અમે તમને 6 ટેવ જણાવીશું, જેને અપનાવીને તમે સરળતાથી વજન ઘટાડી શકો છો.

**સવારે ઉઠીને તરત પાણી પીવું**

પોતાના દિવસની શરુઆત એક ગ્લાસ પાણીથી કરવાથી તમારા ચયાપચયને વેગ મળે છે અને ઝેરી તત્ત્વો બહાર કાઢવામાં મદદ મળે છે. ફેટ લોસમાં હાઈડ્રેશન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે તમારા એનર્જી લેવલને વધારે છે, ભૂખ ઘટાડે છે અને તમારા પાચનતંત્રને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**દરેક ભોજનમાં પ્રોટીન સામેલ કરો**

તમારા ભોજનમાં પ્રોટીન ઉમેરવાથી ચયાપચયને વેગ છે, ક્રેવિંગ ઓછી થાય છે અને લીન મસલ્સ બને છે,



જે ફેટ બર્નિંગ પ્રોસેસને બૂસ્ટ કરે છે.

**લિફ્ટના બદલે સીડીઓનો કરો ઉપયોગ**

આ સરળ ફેરફાર સમય જતાં મોટો ફેરફાર લાવી શકે છે. સીડી ચઢવાથી અનેક મસલ ગ્રૂપ્સ એક્ટિવ થાય છે, હૃદયનું સ્વાસ્થ્ય સુધરે છે અને એક્સેસ કેલરી બર્ન કરવામાં મદદ મળે છે. એક્સરસાઈઝ માટે વધારાનો સમય કાઢ્યા વિના તમારી શારીરિક પ્રવૃત્તિ વધારવાનો આ એક સરળ રસ્તો છે.

**સારી અને પૂરતી ઊંઘ લેવી**


અપર્યાપ્ત ઊંઘ તમારા હોર્મોન્સને ડિસ્ટર્બ કરે છે, જેનાથી ફેટ લોસ કરવું મુશ્કેલ બની જાય છે. ફેટ લોસ માટે ઊંઘ જરૂરી છે કારણ કે તે શરીરના મેટાબોલિક ફંક્શનને સપોર્ટ કરે છે અને ઘ્રેલિન અને લેપ્ટિન જેવા હંગર હોર્મોન્સને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. દરરોજ રાત્રે 7-9 કલાકની ઊંઘ લેવી.

**કેલેરી ઈનટેકનું રાખો ધ્યાન**

તમે શું ખાવો છો, તેના પર નજર રાખવાનો અર્થ એ નથી કે તમારે સ્ટ્રિક્ટ ડાયટ ફોલો કરવાનું છે, પરંતુ તેનાથી તમને એ વાત ધ્યાન રાખવામાં મદદ મળી શકે છે કે તમે શું ખાઈ રહ્યા છો. આ એક સરળ ટેવ છે, જેનાથી તમને ટ્રેક પર બન્યા રહેવા અને વધુ ખાવાથી બચવામાં મદદ મળે છે.

**વોકિંગ કરો**

જમ્યા બાદ 10 મિનિટનું ઝડપી વોકિંગ પાચનમાં મદદ કરી શકે છે અને ફેટ લોસમાં મદદ કરી શકે છે. આ દૈનિક ફિઝિકલ એક્ટિવિટી વધારવાનો એક સરળ રસ્તો છે અને તે બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરવામાં, સોજો અટકાવવામાં અને એક્સ્ટ્રા કેલરી બર્ન કરવામાં મદદ કરી શકે છે.



# જામજોધપુરના ખેડૂતોનું ફૂલેકું ફેરવી નાસી જનાર વેપારી પેઢી પર સતાપરના પૂર્વ સરપંચે નોટિસ ચિપકાવી




જામજોધપુર તાલુકાના જથ્થાપર ગામના પાંચ જેટલા ખેડૂતોની 32 લાખ જેવી રકમ નહી ચૂકવી પેઢીને તાળા મારીને ભાગી છૂટનાર પિતા પુત્ર અને કાકા વગેરેની પેઢી પર તાળા લટકી રહ્યા છે. તે પેઢી પર બાકી નીકળતા લેણાના ભાગરૂપે સતાપર ગામના પૂર્વ સરપંચ દેવરાજભાઈ છેલાણા એ લોકોને જાણવા માટેની એક નોટિસ ચિપકાવી છે, અને તેમાં લખાણ લખ્યું છે, કે ઉપરોક્ત મિલકત ધરાવનાર પેઢીના સંચાલક કે જેની પાસે અમારી જુદી જુદી જણસ ની રકમ લેવાની બાકી હોવાથી આ મિલકત પર અમારો કબજો છે, અને અન્ય કોઈઈ પણ આ મિલકત પર હવે કબજો કરવો નહીં, જેની સર્વેએ નોંધ લેવી તે પ્રકારે નોટિસ લગાવી છે.

# જામનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત્, વધુ એક વૃદ્ધાને અડફેટે લેતાં ઈજા



જામનગર શહેરમાં રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ યથાવત રહયો છે, અને એક રાહદારી બુઝુર્ગ મહિલા તેનો શિકાર બન્યા છે, અને હાલ સારવાર મેળવી રહ્યા છે.જામનગરના દિગવીજય પ્લોટ વિસ્તારમાં ગઈકાલે બપોરે એક મહિલા પગપાળા ચાલીને જઈ રહ્યા હતા, તે દરમિયાન રસ્તે રઝળતા એક ખુટિયા એ રાહદારી બુઝુર્ગ મહિલાને અડફેટમાં લઈ જમીન પર પછાડી દીધા હતા. જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.ઉપરોક્ત સમય દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક રીક્ષા ના ચાલકે આવીને બુઝુર્ગ મહિલાને બચાવ્યા હતા, અને ખૂંટીયાને ત્યાંથી દૂર કર્યો હતો. જેથી હાશકારો અનુભવાયો હતો. જ્યારે બુઝુર્ગ મહિલા ને પ્રાથમિક સારવાર અપાઈ છે.મહાનગરપાલિકાના તંત્રએ ફરીથી રસ્તે રઝળતા પશુઓ ને પકડવા માટેની ઝુંબેશ વગવંતી બનાવવા માંગ ઉઠી રહી છે.

# કચરો ફેંકવા મામલે અમરેલીના લાઠીમાં જૂથ અથડામણ, તીક્ષ્ણ હથિયારો વડે હુમલો, 10 ઈજાગ્રસ્ત



ગુજરાતમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ ખતમ થવાનું નામ જ નથી લઈ રહ્યો. અમરેલીમાં પણ ફરી એકવાર આવા અસામાજિક તત્ત્વોનો ત્રાસ સામે આવ્યો છે. જેમાં લાઠી તાલુકાના પીપળાવ ગામે સામાન્ય કચરો ફેંકવાની બાબતે વિવાદ થતાં બે જૂથો દ્વારા ધારીયા અને કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ પણ વાંચો: ગુજરાતમાંથી પકડાયેલા 210 બાંગ્લાદેશી ઘૂસણખોરોને ડિપોર્ટ કરાશે, કેન્દ્ર સરકારે આપી મંજૂરી શું હતી ઘટના? અમરેલીમાં લાઠીના પીપળવા ગામે સામાન્ય કચરો ફેંકવા બાબતે વિવાદ શરૂ થયો હતો. આ વિવાદ વકરતાં બંને બાજુથી લોકો ભેગા થઈ ગયા અને અચાનક તેણે હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. નજીવી બાબતમાં શરૂ થયેલાં ઝઘડામાં બંને પક્ષના લોકો લાકડી, ધારીયા અને કુહાડી જેવા હથિયારો લઈને આવ્યા અને એકબીજા પર હુમલો કરવાનું શરૂ કરી દીધું. જેમાં 10 થી વધુ લોકોને ઈજા થતાં તાત્કાલિક 108 મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ પણ વાંચો: સુરત-તાપીના પશુપાલકોને સુમુલે આપી ખુશખબર, દૂધના ખરીદ ભાવમાં વધારો કરવાની કરી જાહેરાત બે જૂથો વચ્ચે મારામારીએ લીધું હિંસક સ્વરૂપ સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ, પોલીસે હથિયારો લઈને આતંક મચાવનારાઓ સામે પૂછપરછ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોના નિવેદનો નોંધવામાં આવી રહ્યાં છે.

# ચોટીલા જુના બસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં જુગાર રમતા 4 ઝડપાયા



ચોટીલા પોલીસે બાતમીના આધારે જૂના બસસ્ટેન્ડનાં ગ્રાઉન્ડમાં રમાતા જુગાર ઉપર દરોડો પાડતા નાસભાગ મચી હતી. દોરડા દરમિયાન બે શખ્સ નાસી છુટયા હતા જ્યારે ચાર જુગારીયા રૂ.૨૫.૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

ચોટીલા પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જૂના બસસ્ટેન્ડ ગ્રાઉન્ડમાં કેટલાક શખ્સો તીનપત્તી નામનો પૈસાની હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસે દરોડો પાડતા નાસભાગ મચી ગયેલ હતી. જેમા ભરતભાઈ સતાભાઈ વાઘેલા અને સામતભાઈ છનાભાઈ નાસી છુટયા હતા પરંતુ પોલીસનાં હાથે ઘેટીભાઈ હસુભાઈ કોરડીયા, હરેશભાઈ નથુભાઈ રાઠોડ, અમીનભાઈ આદમભાઈ સંધી, મનીષભાઈ નાથાભાઈ વાઘેલા (રહે. તમામ ચોટીલા વાળા રૂ.૧૫,૫૧૦ તથા મોબાઈલ નંગ-૨ રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ.૨૫,૫૧૦ના મુદ્દામાલ સાથે ઝડપાઇ જતા તમામ વિરૂદ્ધ જુગારધારા મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ચોટીલા પોલીસે સામાન્ય જુગારીઓને પકડી કાર્યવાહી કરી છે ત્યારે પંથકમાં દારૂ જુગારની બદી મોટા પ્રમાણમાં ગોઠવાયેલ સિસ્ટમ હેઠળ ચાલતી હોવાની રાવ ઉઠી છે.

શહેરનાં ચોક્કસ વિસ્તારમાં ફોર વ્હીલ અને ટૂ વ્હીલર દ્વારા ઇંગ્લીશ દારૂનાં ચોક્કસ પોઇન્ટ ઉપર થી વેચાણ થતું હોવાની તેમજ ધોરાજી પંથકનાં નામચીન બુકી દ્વારા સમયાંતરે મોટો જુગાર રમતા પંટરો બહારથી લાવી આ વિસ્તારમાં ચોક્કસ સ્થાનિકોને સાથે રાખી ખેલ ખેલવામાં આવતો હોવાની પણ ચર્ચા છે. જે અંગે પણ પોલીસ તપાસનાં ચક્રો ગતિમાન કરી કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

# ગુજરાતમાં હથિયાર લાઈસન્સનો ધૂમ વેપલો; મંત્રીપુત્ર, રાજકારણી-કલાકારોને લીધે બોગસ હથિયારોની તપાસ ખોરંભે

ગુજરાતમાં નાગાલેન્ડ-મણિપુરથી બોગસ હથિયાર લાઈસન્સ મેળવવાનો વેપલો ધમધમી રહ્યો છે. પોલીસ તપાસમાં ખુલ્યુ છે કે, વનમંત્રી મુકેશ પટેલના પુત્ર વિશાલ પટેલે પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યુ છે. મંત્રીના પુત્ર ઉપરાંત ડાયરાના કલાકારો, બિલ્ડરો, વેપારી, બિલ્ડરો ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓના સંતાનોએ પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યાં છે. જેના કારણે આખીય પોલીસ તપાસ ખોરંભે ચડી છે. હવે સવાલ એ ઊઠ્યો છે કે, નાગાલેન્ડ-મણિપુરથી બોગસ હથિયાર



લાઈસન્સ મેળવનારાં મોટા ગજાના લોકોને નહી પકડવા કોનુ રાજકીય દબાણ છે. 68 મોટા ગજાના લોકોને ન પકડવા કોનું રાજકીય દબાણ નાગાલેન્ડ-મણિપુરમાં ખોટા દસ્તાવેજો આધારે બોગસ હથિયાર લાઈસન્સ મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે અત્યાર સુધી 40 લોકોની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે. જો કે, વનમંત્રી મુકેશ પટેલના પુત્ર વિશાલ પટેલે પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યુ છે તેવુ પોલીસ તપાસમાં ખુલ્યુ છે. મંત્રીના પુત્રએ ઓલપાડ પોલીસ સ્ટેશનને બદલે જહાગીરપુરા પોલીસ સ્ટેશનમાં કેમ વેરિફિકેશન કરાવ્યું? આ ઉપરાંત જહાગીરપુરા પોલીસ સ્ટેશને નાગાલેન્ડથી અહેવાલ મગાવ્યો કે કેમ? સુરતમાં રહેતાં મંત્રીપુત્રએ નાગાલેન્ડના રહીશ હોવાનો ઉલ્લેખ કરીને શું ખોટું સોગંધનામુ કર્યુ છે શું? આ બધા સવાલ ઊઠ્યાં છે.આ પણ વાંચો: કચરો ફેંકવા મામલે અમરેલીના લાઠીમાં જૂથ અથડામણ, તીક્ષ્ણ હથિયારો વડે હુમલો, 10 ઈજાગ્રસ્તમંત્રીના પુત્રને બચાવવા ભાજપે જ આખોય ખેલ કર્યો છે ત્યારે એવી માંગ કરાઈ છે કે, જો મંત્રીપુત્ર વિશાલ પટેલના કોલ ડિટેઈલ અને ભાડા કરારની તપાસ કરવામાં આવે તો હજુ ઘણાં ચોકાવનારાં ખુલાસા થઈ શકે છે.

બોગસ હથિયાર લાઈસન્સ મેળવવાની આખીય મોડસ ઓપરેન્ડીનો ખુલાસો થયો છે ત્યારે હજુ મોટા ગજાના 68 લોકોની ધરપકડ કરવામાં આવી નથી જેના પગલે પોલીસની કામગીરી પણ શંકાના ઘેરામાં આવી છે. સમગ્ર કૌભાંડનો રેલો ગાંધીનગર સુધી પહોંચે તેમ છે. ખોટા દસ્તાવેજો આધારે બોગસ લાઈસન્સ લઈ હથિયાર ખરીદવામાં ડાયરાના કેટલાંક જાણીતા કલાકારોના નામો પણ ખુલ્યાં છે. સરકારી કાર્યક્રમમાં સરકારની જ ભાટાઈ કરનારાં કલાકારો પર કાયદાનો સકંજો કસાય તેમ છે ત્યારે આ બધાય કલાકારોએ ગાંધીનગરનું રાજકીય શરણ લીધુ હોવાની ચર્ચા છે.

માત્ર મંત્રીપુત્ર જ નહીં, કલાકારો, બિલ્ડરો, વેપારી,રાજકારણી ઉપરાંત અધિકારીઓના સંતાનોએ બોગસ લાઈસન્સ મેળવ્યાં છે ત્યારે રાજકીય દબાણ આધારે આખીય તપાસ ખોરંભે ચડાવાઈ છે.

# ચોટીલાનાં ત્રબોડા ગામે અંધશ્રદ્ધાનું તિક્કડમ, વિજ્ઞાન જાથાએ ભગાવ્યું



ચોટીલા તાલુકાનાં અનેક ગામોમાં હજું પણ અંધશ્રદ્ધા લોકાને ભરમાવનારાઓ વસી રહ્યાં છે. અને આવું જ તરકટ કરનારા વ્યક્તિ વિજ્ઞાન જાથાની ઝપટે ચડી જતા માફી માંગી આવા કાર્ય હવે નહીં કરે તેની બાંહેધરી આપી લીલા સંકેલતા મામલો સમેટાયો હતો. ચોટીલા તાલુકાના ત્રમ્બોડા ગામમાં ત્રણ દિવસથી દલિતવાસમાં આવેલ એક મકાનમાં પથ્થર પડવાની ઘટના જોવા મળી તે અંગે ચોટીલા તાલુકાનાં સમાજનાં કેટલાક જાગૃત આગેવાનોને જાણ થતા તેઓએ વિજ્ઞાન જાથા સુધી ઘટના પહોંચાડી હતી. જાથાનાં ચેરમેન જયંતભાઈ પંડયા તથા તેમની ટીમ દ્વારા શનિવારે ચોટીલા પોલીસને સાથે રાખી ત્રબોડા ગામે કથિત પથ્થરો પડવા વાળા ઘરની મુલાકાત લીધી હતી અને આગવી પધ્ધતિએ પથ્થરોના પૃથ્થકરણની વાત કરતા ઘટના બોગસ સાથે માનવ સજત સાબિત થઈ હતી. દલિત પરિવારે દાદાનું ધામક સ્થાન ઊભું કરવા માટે ઘરના સદસ્યો સાથે મળીને ગતકડું ઊભું કર્યું હતું. પરિવારના મોહનભાઈ સામતભાઈ ખેતરીયાએ બધાની વચ્ચે કબુલાત આપી માફી માગી લીધી હતી. ભુવા મંડળીઓને બોલાવીને વિધિ વિધાન કરવાના હતા તે બંધ રાખવાની જાહેરાત પણ કરી હતી અને ફરી આવું નહીં બને તેની બાહેંધરી આપી મામલો પતાવ્યો હતો. ગામના જાગૃતો એ અફવા વધુ ફેલાય નહીં, માનસિક ઈજા ન થાય તે માટે જાથાની.

# ગુજરાતમાં ભરઉનાળે માવઠાનો કહેર! હજુ આગામી 4 દિવસ ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી

ગુજરાતમાં ભરઉનાળે વાતાવરણમાં અચનાક પલટો આવ્યો છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીના માહોલ વચ્ચે મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે કમોસમી વરસાદ પડ્યો છે. તેમજ કેટલાક વિસ્તારોમાં કરા પડ્યા હોવાનું સામે આવ્યું છે. આજે રવિવારે (4 મે, 2025) વહેલી સવારથી જ અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અનેક જગ્યાએ માવઠું થતાં ખેડૂતોના ડાંગર, એરંડા, ઘઉં, કપાસ, કેરી સહિતના પાકોને ભારે નુકસાન પહોંચતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી 8 મે, 2025 સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ, કરા પડવા અને 60-80ની સ્પિડે પવન ફૂંકાવવાની આગાહી કરી છે. ચાલો જાણીએ ક્યા જિલ્લામાં કેવું રહેશે હવામાન. આવતીકાલે ભારે કમોસમી વરસાદ-કરા પડવાની ચેતવણીરાજ્યમાં હવામાન વિભાગની આગાહીને પગલે 4 મે, 2025ના રોજ અનેક વિસ્તારોમાં માવઠું થયું. હવામાન વિભાગની આગાહી મુજબ, 4-5 મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના, કરા પડવા, પવન ફૂંકાવવાની સાથે ભારે વરસાદની આગાહી છે. આ સાથે મહેસાણા, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ,



છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. 6 મેની આગાહીરાજ્યમાં વાતાવરણ પલટાયું છે, ત્યારે હવામાન વિભાગે આગામી 4 દિવસ ભારેથી અતિભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. જેમાં 6 મેના રોજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, અને છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ, 70-80 કિલો.મી. પ્રતિ કલાકની સ્પિડે પવન ફૂંકાવવો અને વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે કમોસમી વરસાદની આગાહીને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લામાં મધ્યમ મેઘગર્જનાની આગાહી હવામાન વિભાગે કરી છે. આ પણ વાંચો: ભરઉનાળે ગુજરાતનાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદ,વીજળી પડતાં ખેડૂતનું મોતઃ જુઓ ક્યાં કેવી સ્થિતિ26 જિલ્લામાં ભારેથી અતિભારે માવઠાની આગાહીઆગામી 7 મેના રોજ રાજ્યના 26 જિલ્લામાં ભારેથી અતિભારે માવઠાની આગાહી છે, ત્યારે દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે અતિભારે કમોસમી વરસાદને પગલે હવામાન વિભાગે ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, સુરત, તાપી, પોરબંદર, ગીર સોમનાથ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

# વરસાદની આગાહી છતાં બેદરકારી, APMC-વેપારીઓ સાવચેત ના રહેતા પલળી ગયો તૈયાર પાક

ગુજરાતમાં અનેક જગ્યાએ આજે કમોસમી વરસાદ વરસ્યો હતો. આ કમોસમી વરસાદના કારણે અનેક ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. એવામાં વિરમગામ APMC માર્કેટમાં ડાંગર, એરંડા, ઘઉં અને કપાસ સહિતનો તૈયાર થયેલો પાક વરસાદમાં પલળીને બગડી ગયો છે. ત્યારે બીજી બાજું દાંતીવાડાના માર્કેટયાર્ડમાં પણ ખુલ્લામાં પડેલો માલ પલળી જતાં મોટું નુકસાન થયું છે. એવામાં સવાલ ઊભો થાય છે કે, વરસાદની આગાહી હોવા છતાં સત્તાધીશો દ્વારા કોઈ પગલાં કેમ ન લેવામાં આવ્યા? જો સત્તાધીશો દ્વારા પહેલાથી જ કોઈ વ્યવસ્થા કરવામાં આવી હોત તો નુકસાન



ન થયું હોત. વિરમગામ APMCમાં ભારે નુકસાન મળતી માહિતી મુજબ, વરસાદી ઝાપટાના કારણે વિરમગામ APMCમાં પાણી ભરાયા હતા. કમોસમી વરસાદના કારણે એક દિવસ અગાઉ ખરીદેલો બધો તૈયાર પાક પલળીને ખરાબ થઈ ગયો છે. 20 હજાર મણ ડાંગર અને 5 હજાર મણ અન્ય પાક પલળી ગયો છે. હવામાન વિભાગની આગાહી છતાં APMC દ્વારા ન તો માલને ગોડાઉનમાં મૂકવામાં આવ્યો ન તો તેને યોગ્ય રીતે ઢાંકી પલળે નહીં તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે મોટું નુકસાન થયું છે. આ પણ વાંચો: ભરઉનાળે ગુજરાતનાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદ,વીજળી પડતાં ખેડૂતનું મોતઃ જુઓ ક્યાં કેવી સ્થિતિ દાંતીવાડાના પાંથાવાડા માર્કેટયાર્ડમાં સત્તાધીશોની બેદરકારી બીજી બાજું દાંતીવાડાના પાંથાવાડા માર્કેટયાર્ડમાં પણ સત્તાધીશોની બેદરકારી સામે આવી છે. યાર્ડમાં ખુલ્લામાં પડેલો ખેડૂતોનો માલ પલળી ગયો છે. વરસાદની આગાહી છતાં ખુલ્લામાં જણસી મૂકવામાં આવી હતી. જેના કારણે એરંડા અને રાયડા સહિતનો પાક પલળી જતા મોટાભાગનો પાક નકામો નિવડ્યો છે. ખેડૂતોને થયું ભારે નુકસાન આ સિવાય કમોસમી વરસાદે કેટલાંય ખેડૂતોના મોઢે આવેલા કોળિયાને પાછો ખેચી લીધો છે. કરા સાથે વરસાદ થતાં બનાસકાંઠામાં શક્કરટેટીના પાકને ભારે નુકાસાન થયું છે. ખેડૂતોનો પાક બગડતાં 8 થી 10 લાખનું નુકસાન થયું છે. જેથી લઈને ખેડૂતોએ સરકાર પાસે સરવે કરી વળતર આપવાની માંગ કરી છે. આ પણ વાંચો: અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા સહિત ગુજરાતના અનેક ભાગમાં કમોસમી વરસાદ, વાતાવરણમાં ઠંડક પ્રસરી આ વિશે ખેડૂતે જણાવ્યું કે, પહેલાથી જ ઠંડી પડવાના કારણે અમને ઘણું નુકસાન થયું હતું, એવામાં હવે વરસાદે પોતાની વધેલી કસર પૂરી કરી નાંખી છે. કમોસમી વરસાદના કારણે 8થી 10 લાખ સુધીનું પાકને નુકસાન થયું છે.

# વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી કાર સાથે એક શખ્સ ઝબ્બે

બરાનીયા ગામના પાટીયા પાસેથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી કાર સાથે રાણપુર પોલીસે એક શખ્સને રૂ. ૪.૯૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આ બનાવની જાણવા મળતી વિગત મુજબ રાણપુર પોલીસ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, બરાનીયા ગામના પાટીયા પાસે કાર નંબર જીજે-૧૩-એનએન-૮૯૧૦ વિદેશી દારૂ ભરી સુંદરીયાણા ગામ તરફથી સાલાસર રોડ તરફ આવવાની છે. બાતમી આધારે બરાનીયા ગામના પાટીયા પાસે દરોડો કરી સુંદરીયાણા ગામ તરફથી આવી રહેલી કારને અટકાવી કારમાં બેસેલ ચેતન ઉર્ફે ચેતો હસમુખભાઈ પરમાર ( રહે.બોટાદ ) ને નીચે ઉતરી કારની અંદર તલાશી લેતા કારની પાછળ આવેલ સીટ ની વચ્ચે થી વિદેશી દારૂની બોટલ ૧૮૮ રૂ.૧,૪૦,૨૨૬ તથા બિયર ટીન ૫૯૫ રૂ.૧,૩૦,૯૦૦ મળી આવતા પોલીસે ચેતન ઉર્ફે ચેતોને વિદેશી દારૂ બિયરના ટીન,કાર ,મોબાઈલ મળી કુલ રૂ.૪,૯૩,૭૧૬ સાથે ધરપકડ કરી પૂછપરછ કરતા રઘુ શિવરાજભાઈ ખાચર નામના શખ્સે આપ્યો હોવાની કબૂલાત કરી હતી.આ બનાવ અંગે પોલીસે બન્ને શખ્સ વિરૂધ્ધ રાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## લાલપુરના મોડપરમાંથી વધુ એક અપરણીત યુવતી લાપતા બની જતાં પરિવાર ચિંતામાં મુકાયો



જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોડપર ગામમાં રહેતી 21 વર્ષની અપરણિત યુવતી પોતાના ઘેરથી એકાએક લાપતા બની જતાં પરિવાર ચિંતામાં મુકાયો છે, અને પોલીસ દ્વારા તેણીની શોધખોળ ચલાવાઇ રહી છે. લાલપુર તાલુકાના મોડપર ગામમાં રહેતી કાજલબેન ગાંગાભાઈ બગડા નામની 21 વર્ષની અપરણિત યુવતી, કે જે ગત ૨જી તારીખે રાત્રિના 11:.30 વાગ્યાના અરસામાં પોતાના ઘરમાંથી એકાએક લાપતા બની ગઈ હતી. જેને અનેક સ્થળે શોધવા છતાં કોઈ પતો નહીં સાંપડતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. આખરે આ મામલે મેઘપર પડાણા પોલીસ મથકમાં ગુમનોંધ કરાવતાં મેઘપર પોલીસે તેણીની શોધખોળ શરૂ કરી છે. જેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હોવાથી તેની કોલ ડીટેઈલ અને ટાવર લોકેશનના આધારે તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ભરઉનાળે ગુજરાતનાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદ,વીજળી પડતાં ખેડૂતનું મોત: જુઓ ક્યાં કેવી સ્થિતિ

ગુજરાતના અનેક વિસ્તારોમાં આજે કમોસમી વરસાદ વરસ્યો છે. એવામાં કમોસમી વરસાદે અમદાવાદના ખેડૂતનો જીવ લીધો છે. અમદાવાદના વિરમગામમાં વીજળી પડતાં ખેડૂતનું મોત નિપજતાં સમગ્ર ગ્રામજનો તેમજ કુટુંબીજનોમાં શોકનો માહોલ છવાયો છે. શું હતી ઘટના? અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના વિરમગામમાં ખેડૂત મંગાજી ઠાકોર વરસાદ આવતો હોવાના કારણે ખેતરમાં પાકને તાડપત્રીથી ઢાંકવા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન આકાશમાંથી મોતના સ્વરૂપે વીજળી સીધી ખેડૂત ઉપર પડી. જેના કારણે ખેડૂતનું મોત નિપજ્યું હતું. હાલ ખેડૂતના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોસ્ટ મોર્ટમ બાદ પરિવારને મૃતદેહ સોંપવામાં આવશે. આ પણ વાંચોઃ લાલપુરના મોડપરમાંથી વધુ એક અપરણીત યુવતી લાપતા બની જતાં પરિવાર ચિંતામાં મુકાય કમોસમી વરસાદની આગાહી નોંધનીય છે કે, રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેમાં રવિવારે વહેલી સવારથી જ આગાહી અનુસાર, રાજ્યવના અનેક વિસ્તારોમાં વાતાવરણ પલટાયું હતું. વહેલી સવારથી જ અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં



આકાશમાંથી વરસ્યું મોત...!



કમોસમી વરસાદ નોંધાયો હતો. જેના કારણે ખેડૂતોની મુશ્કેલી વધી ગઈ છે. ખેડૂતોને ઉનાળું પાકમાં ભારે નુકસાનની આશંકા છે. આ સિવાય ઉનાળામાં કેરીના રસિકોને પણ વરસાદના કારણે સારી કેરી મળી શકશે નહીં. એવામાં ચાલો જાણીએ રાજ્યભરની સ્થિતિ શું છે? અમદાવાદમાં વહેલી સવારથી ભારે વરસાદ અમદાવાદમાં રવિવારે (ચોથી મે) વહેલી સવારથી કેટલીક જગ્યાએ વરસાદી છાંટા પણ પડ્યા છે. જેમાં સીધું ભવન રોડ, વાડજ, નિર્ણયનગર, દૂધેશ્વર, ઉસ્માનપુરા અને ઈન્કમટેક્સ વિસ્તારમાં ઝરમર વરસાદ પડ્યો છે. બીજી તરફ અરવલ્લી જિલ્લામાં પણ વહેલી સવારે ગાજવીજ અને પવન સાથે માલપુર, મોડાસા, મેઘરજ, ભિલોડા પંથકમાં વરસાદ પડી રહ્યો છે. આ પણ વાંચોઃ નવા શૈક્ષણિક વર્ષથી શાળાએ અવર-જવર માટે મફત વાહન સેવા! 1.66 લાખ વિદ્યાર્થીઓને થશે ફાયદો મહેસાણામાં ભરઉનાળે કમોસમી વરસાદ મહેસાણામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. મોડી રાતે અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. વડનગરમાં પણ અચાનક ઠંડક પ્રસરી ગઈ હતી. જ્યારે મહિસાગર જિલ્લામાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર જ મહિસાગર જિલ્લામાં વરસાદનું આગમન થયું હતું. અહીં ખાનપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતાં ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા. વિસનગરમાં વીજ પુરવઠો ખોરવાયો આ સિવાય વિસનગરમાં પવનના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. શોર્ટ સર્કિટ થવાથી વીજળીના ભારે તણખા ઊડતા હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતાં. આ પણ વાંચોઃ અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા સહિત ગુજરાતના અનેક ભાગમાં કમોસમી વરસાદ, વાતાવરણમાં ઠંડક પ્રસરી બનાસકાંઠામાં ભારે પવન સાથે વરસાદ બનાસકાંઠામાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન પાલનપુર, વડગામમાં પવન સાથે કરાંવૃષ્ટિ થયાની માહિતી મળી છે.

## આણંદમાં અધવચ્ચે શાળા છોડી ગયેલા 252 વિદ્યાર્થીનો પુનઃ શાળામાં પ્રવેશ



આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓ ખાતેથી અધવચ્ચેથી શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓની વિગતો ચકાસતા હતા તેવા સમયે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ના બે વર્ષ દરમિયાન ધોરણ ૧થી ૮માં કેટલાક ભૂલકાંઓએ વિવિધ કારણોસર અધવચ્ચેથી શાળા છોડી દીધાનું જિલ્લા વિકાસ અધિકારીના ધ્યાને આવ્યું હતું. જે સંદર્ભે સૂચનાઓ બાદ આણંદ જિલ્લાના સીઆરસી, બીઆરસી અને સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓ મળી કુલ ૧૨૯ જેટલા લોકોની ટીમ જિલ્લામાં કામે લાગી હતી. અધવચ્ચેથી શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓનું અને તેમના વાલીઓની ડોર ટુ ડોર મુલાકાત, સંપર્ક કરીને વાલીઓનું ત્રણ ત્રણ વાર ટીમો દ્વારા કાઉન્સિલિંગ કરાયું હતું. જેમાં બાળકોને ઘરની જવાબદારી, આથક સમસ્યા, કૌટુંબિક સમસ્યા, વિકલાંગતા, અનાથ, સ્થળાંતર થયેલા હોય, ઘરથી શાળાનું અંતર વધુ હોય, ભણવામાં રસ ન હોય તેવા કારણોસર બાળકોને અધવચ્ચેથી શાળા છોડવાની ફરજ પડી હતી. શિક્ષણ વિભાગના કર્મચારીઓની કામગીરી બાદ ૧૧૮ કુમાર અને ૧૩૪ કન્યાઓ મળી કુલ ૨૫૨ જેટલા વિદ્યાર્થીઓએ પુનઃ પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવ્યો છે. જેમાં આણંદ તાલુકામાં ૮૮, આંકલાવ તાલુકામાં ૧૮, બોરસદ તાલુકામાં ૨૦, ખંભાત તાલુકામાં ૫૮, પેટલાદ તાલુકામાં ૩૩, સોજીત્રા તાલુકામાં ૦૪, તારાપુર તાલુકામાં ૦૫ અને ઉમરેઠ તાલુકામાં ૨૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

પુનઃ પ્રવેશ પામેલા આ ૨૫૨ વિદ્યાર્થીઓ પૈકી બાલવાટિકામાં ૦૨, પહેલા ધોરણમાં ૨૪, બીજા ધોરણમાં ૧૨, ત્રીજા ધોરણમાં ૨૨, ચોથા ધોરણમાં ૧૩, પાંચમાં ધોરણમાં ૩૦, છઠ્ઠા ધોરણમાં ૧૯, સાતમાં ધોરણમાં ૩૯ અને આઠમાં ધોરણમાં ૯૧ વિદ્યાર્થીઓએ પુનઃ પ્રવેશ મેળવ્યો છે.

## આજે દેશભરમાં NEETની પરીક્ષા: 23 લાખ જેટલાં વિદ્યાર્થીઓનું લખાશે ભાવિ

ધોરણ 12 સાયન્સ પછીના મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે રવિવારે (4 મે)ના રોજ દેશભરમાં NEET (નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રંસ ટેસ્ટ) લેવામાં આવી રહી છે.જેમાં ગુજરાતના અંદાજે 85 હજારથી વધુ અને દેશભરમાંથી 23 લાખ જેટલા વિધાર્થી પરીક્ષા આપશે.ગુજરાતના 29 જિલ્લામાં 31 શહેરોમાં 214 કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે ભારત સરકારની નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા દર વર્ષે મેડિકલ પ્રવેશ માટેની નીટ એક્ઝામ લેવામાં આવે છે. આ વર્ષે એટલે કે 2025ની નીટ રવિવારે લેવામાં આવશે જે ગત વર્ષ કરતા એક દિવસ વહેલી યોજાઈ રહી છે. દેશ અને વિદેશના 566 શહેરોમાં



આ પરીક્ષા લેવામાં આવશે જેમાં ભારત બહારના દુબઈ સહિતના દેશોમાં 14 શહેરોમાં પણ પરીક્ષા યોજાઈ રહી છે. ગુજરાતમાં 29 જિલ્લામાં 31 શહેરોમાં 214 કેન્દ્રોમાં આ પરીક્ષા લેવામાં આવશે. જેમાં અમદાવાદમાં કોલેજ, ગુજરાત યુનિ.ના વિભાગો તેમજ સ્કૂલ સહિતના 24 સેન્ટરોમાં પરીક્ષા લેવાશે. ગુજરાતમાં આ વર્ષે 85,279 વિધાર્થી નોંધાયા છે. ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં પરીક્ષાના પેપરો અપાશે જ્યારે સમગ્ર દેશમાં કુલ 13 ભાષામાં આ પરીક્ષા લેવામાં આવી રહી છે. નીટ પરીક્ષામાં ફિઝિક્સના 180 ગુણના પ્રશ્નો તેમજ કેમેસ્ટ્રીના 180 ગુણના પ્રશ્નો અને બાયોલોજીના 360 ગુણના પ્રશ્નો સાથે કુલ 720 ગુણની પરીક્ષા લેવામાં આવશે. આ પણ વાંચોઃ નવા શૈક્ષણિક વર્ષથી શાળાએ અવર-જવર માટે મફત વાહન સેવા! 1.66 લાખ વિદ્યાર્થીઓને થશે ફાયદોગત વર્ષ કરતાં આ વર્ષે 1 લાખ વિદ્યાર્થીની સંખ્યામાં ઘટાડો કુલ ત્રણ કલાકની આ પરીક્ષામાં 180 પ્રશ્નો રહેશે. સાચા જવાબ માટે ચાર માર્ક અને ખોટા જવાબ માટે માઈનસ એક માર્ક રહેશે. ગત વર્ષે સમગ્ર દિવસમાં 24 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા ત્યારે આ વર્ષે 1 લાખ જેટલા વિદ્યાર્થીઓ ઘટયા છે. ગત વર્ષે ગુજરાતના ગોધરા સહિત બિહારના કેટલાક કેન્દ્રોમાં ગેરરીતી અને ચોરીની અનેક ફરિયાદો સાથે મોટો વિવાદ થયો હતો તેમજ નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પરિણામમાં સુધારો પણ કરવો પડ્યો હતો. આ વર્ષે નીટમાં મોટા ભાગના ખાનગી સ્કોલોના કેન્દ્રો રદ કરીને સરકારી સંસ્થાના સેન્ટર અપાયા છે.આ પણ વાંચોઃ વાઈબ્રન્ટ ગુજરાતમાં નલ સે જલ યોજનાનો ફિયાસ્કો, 290 ગામડામાં ટેન્કર રાજ, પીવાનું શુદ્ધ પાણી નથીનીટ પરીક્ષાઃ સેન્ટરો સવારે 11થી ખોલી દેવાયાનીટ પરીક્ષા બપોરે બે થી પાંચ વાગ્યા સુધી યોજવામાં આવશે. સેન્ટરો સવારે 11 વાગ્યાથી જ ખુલી દેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ મોડામાં મોડું દોઢ વાગ્યે સેન્ટર પર પહોંચી જવાનું રહેશે અને ફરજિયાત એડમિટ કાર્ડ એટલે કે હોલ ટિકિટ લઈ જવાની રહેશે.

## બપોરે 12 થી 5 વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવા તંત્રનો અનુરોધ

ખેડા જિલ્લામાં હાલમાં હીટવેવની સંભાવનાઓને પગલે જિલ્લા વહીવટી તંત્રએ માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં બપોરે ૧૨થી પાંચ વાગ્યા સુધી બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવા અનુરોધ કરાયો છે. અસહ્ય ગરમીમાં સન સ્ટ્રોક (લૂ)થી નાના બાળકો, સગર્ભા, વૃદ્ધ- અશક્ત વ્યક્તિઓએ તડકામાં કાળજી રાખવા જણાવાયું છે. માથાનો દુ:ખાવો, પગની પિંડીઓમાં




દુઃખાવો, શરીરનું તાપમાન વધી જવું, તરસ લાગવી, ઉલટી- ઉબકા કે ચક્કર આવવા, આંખે અંધારા આવી બેભાન થઈ જવા જેવા ગંભીર કિસ્સામાં ખેંચ આવવી એ લૂ લાગવાના લક્ષણો છે. ગરમીમાં સારૂ આરોગ્ય જળવાય તે હેતુથી વરિયાળી, કાચી કેરી, કાળી દ્રાક્ષનું શરબત પીવું, શરીર અને માથું ઢાંકીને રાખવું, સફેદ રંગના ખૂલ્લા વસ્ત્રો પહેરવા સાથે સીધા સૂર્યપ્રકાશથી બચવું જોઈએ. લૂ લાગવાની અસર જણાય તો ત્વરિત નજીકના આરોગ્ય કેન્દ્ર, ૧૦૮ સેવાનો સંપર્ક કરવા તેમજ અઘટિત બનાવ બને તો ખેડા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જિલ્લા કલેક્ટરે જણાવ્યું છે.

## આજે નીટ : ભાવનગરના 17 કેન્દ્રો પર 5,850 છાત્ર પરીક્ષા આપશે




નેશનલ બોર્ડ ઓફ એક્ઝામીનેશન ઈન મેડિકલ સાયન્સ દ્વારા વર્ષે લેવાતી નીટ પરીક્ષા તા.૪ મેને રવિવારના રોજ લેવામાં આવનાર છે. ભાવનગરના ૧૭ કેન્દ્રો પર ૫૮૫૦ વિદ્યાર્થીઓ બપોરની સેશનમાં પરીક્ષા આપશે જેનું જાહેરનામુ પણ જાહેર કરાયું છે.

મળતી વિગતો મુજબ એનબીઈએમએસ દ્વારા નીટ પરીક્ષાનું વર્ષમાં એકવાર આયોજન થતું હોય છે. મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષા મહત્વપૂર્ણ હોય છે. કુલ ૭૨૦ માર્કસના પ્રશ્નપત્રમાં કુલ ૧૮૦ પ્રશ્નો પૂછાતા હોય છે જેમાં ૫૦ ટકા એટલે કે ૯૦ પ્રશ્નો બાયોલોજીના અને ૨૫ ટકા એટલે ૪૫ પ્રશ્નો ફિઝીક્સના, ૨૫ ટકા ૪૫ પ્રશ્નો કેમેસ્ટ્રીના પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ પરીક્ષા બપોરે ૨ થી ૫ એમ ત્રણ કલાકનો હોય છે.

ચાલુ વર્ષની આ પરીક્ષા આવતીકાલે તા.૪ને રવિવારના રોજ લેવામાં આવનાર છે. જે ભાવનગરના કુલ ૧૭ કેન્દ્રો પર પસંદગી આપેલ એવા ગત વર્ષવાળઆ રી-નીટ અને ફ્રેશર મળી ૫૮૫૦ વિદ્યાર્થી માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષાની ગોપનીયતાને લઈ કડક વ્યવસ્થા ગોઠવાઇ છે અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે પરીક્ષા દરમિયાન ચોક્કસ પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કર્યું છે.

## પતિએ ઠપકો આપ્યો અને પત્ની પુત્રી સાથે ઘેરથી નીકળી ગઈ





પોર ગામમાં શિવ રેસીડેન્સી ખાતે રહેતા શિવદયાલ ગયાપ્રસાદ વિશ્વકર્મા સુથારી કામ કરે છે તારીખ 20ના રોજ રાત્રે તેનો પત્ની ભાવના ઉંમર વર્ષ 39 સાથે ઘરના કામકાજ બાબતે ઝઘડો થયો હતો અને પતિએ આ અંગે પત્નીને ઠપકો આપ્યો હતો. બીજા દિવસે સવારે શિવદયાલ કામ ઉપર ગયો હતો અને બપોરે બપોરે 1:00 વાગે જમવા માટે ઘેર આવ્યો ત્યારે પત્ની ભાવના અને દસ વર્ષની પુત્રી વિશ્વા બંને ઘેર મળ્યા ન હતા. ત્યારબાદ પત્ની અને પુત્રીની વ્યાપક શોધખોળ કરવા છતાં પણ બંનેનો પત્તો નહીં લાગતા આખરે વરણામા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે પતિ પત્ની વચ્ચે અગાઉ પણ ઝઘડા થતા હતા અને પત્ની તેની પુત્રીને લઈને ઘેરથી નીકળી ગયા બાદ થોડા દિવસો પછી બંને પરત ફરતા હતા. પોલીસે બંનેની શોધખોળ હાથ ધરી છે.

## અલંગમાં આવતા શિપની સંખ્યા 6 માસ બાદ ફરી સિંગલ ડિજિટમાં

### મંદીના માહોલ વચ્ચે શિપ બ્રેકરો નુકસાનના જોખમથી દૂર રહેવા મોટા જહાજો લાવવાનું ટાળી રહ્યાં છે

ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ અલંગમાં આવતા શિપની સંખ્યા ૬ માસ બાદ ફરી સિંગલ ડિઝિટમાં આવી ગઈ છે. ગત નાણાંકીય વર્ષના અંતિમ બે ક્વાર્ટરમાં શિપની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયા બાદ ફરી એપ્રીલ-૨૦૨૫માં શિપની સંખ્યા સિંગલ ડિઝિટમાં આવી ગઈ છે. ગત માસે અલંગમાં માત્ર ૯ શિપ બીચ થયાં છે. મંદીના માહોલ વચ્ચે શિપ બ્રેકરો નુકસાનના જોખમથી દુર રહેવા માટે મોટા જહાજો લાવવાનું ટાળી રહ્યાં છે. અલંગમાં ગત સપ્ટેમ્બર



૨૦૨૪માં ૭ શિપે પોતાની આખરી સફર ખેડી હતી. જે બાદ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંતિમ બે ક્વાર્ટરમાં શિપોની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી હતી અને આંકડો ડબલ ડિઝિટમાં થતાં શિપ બ્રેકિંગ વ્યવસાય સાથે જોડાયેલા વેપાર-ધંધામાં થોડી ગતિ જોવા મળી હતી. પરંતુ ૬ મહિના બાદ ફરી શિપની સંખ્યા સિંગલ ડિઝિટમાં આવી ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ માસ એપ્રીલ-૨૦૨૫માં અલંગમાં માત્ર ૯ શિપ બીચ થયાં છે અને આ ૯ શિપમાં મોટાભાગના શિપ નાના છે. મંદીના માહોલ વચ્ચે શિપ બ્રેકરો નુકસાનના જોખમથી દુર રહેવા મોટા જહાજો લાવવાનું ટાળી રહ્યાં છે. ગત મહિને આવેલા કુલ ૯ શિપમાંથી ૭ શિપ પાંચ હજાર એલડીટી (એમટી)થી ઓછા વજનના છે. આંતરરાષ્ટ્રીય બજારમાં શિપની ઓછી અવેલેબિલિટી ઉપરાંત પાકિસ્તાન તથા બાંગ્લાદેશ સાથેની સ્પર્ધાને લીધે શિપ ઘટી રહ્યાં છે. ઉપરાંત શિપમાંથી નિકળતી પ્લેટ તથા અન્ય વસ્તુઓનું વેચાણ થાય તેમાં વધારે સમય જતો હોવાથી ધીમી-ધીમી આર્થિક ગતિવિધિઓ શરૂ રાખવા શિપ બ્રેકરો હાલ મોટા જહાજો લાવીને મોટું જોખમ ખેડવાના મુડમાં નથી. હાલ અલંગના ૨૫થી ૩૦ પ્લોટમાં શિપ બ્રેકિંગની કામગીરી ચાલી રહી છે. જુન-૨૦૨૫ના અંત સુધીમાં હોંગકોંગ કન્વેન્શલ લાગૂ થયાં બાદ ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં અલંગમાં તેજીની આશા શિપ બ્રેકરો સેવી રહ્યાં છે.

## ફેમિલીને કેનેડાના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને 5.98 લાખ પડાવી લીધા




સમા વ્રજવાટીકા સોસાયટીમાં રહેતી ભાવિતા જીગ્નેશભાઈ પટેલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવે છે કે જાન્યુઆરી 2024માં અમારે કામ માટે વિદેશ જવાનો હોય મેં અને મારા પતિએ મોબાઈલથી facebook એપ્લિકેશન જાહેરાત જોઈ હતી. ઓવરસીઝ ગેટવેના નામથી વર્ક પરમિટ ની ઓફિસ વડીવાડી નેપ્ચ્યુન એજ નું સરનામું લખ્યું હતું. મારે તથા મારા પતિ તથા મારી દીકરી ને કેનેડા ખાતે વર્ક પરમિટ માટે જવાનું હોય અમે ઉપરોક્ત ઓફિસે ગયા હતા અને ગગનદીપસિંહ અમર પ્રિત સિંહ મળ્યા હતા તે સમયે સ્ટાફ ના અન્ય લોકો પણ હાજર હતા. કંપનીના ડાયરેક્ટર ગગનદીપસિંહ 90 દિવસમાં વિઝા તથા વર્ક પરમિટ કરી આપવાનું એગ્રીમેન્ટ અમારી સાથે કર્યું હતું અને આ મારી પાસેથી 5. 14 લાખ રૂપિયા તથા વિઝાની એપ્લિકેશન ફી પેટે 730 કેનેડિયન ડોલર મળી કુલ રૂપિયા 5.58 લાખની રકમ મેળવી લીધી હતી અને અમારે વર્ક પરમિટનું કામ કર્યું નહતું.

## આણંદ શહેરમાં સ્ટેશન રોડ પરના 70 થી વધુ દબાણો દૂર કરી દેવાયા



આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્ટેશન રોડના જાહેર રસ્તાઓ ઉપર અડચણરૂપ ગેરકાયદે ખડકાયેલા લારી- ગલ્લા અને પાથરણાવાળાના અંદાજે ૭૦થી વધુ દબાણો દૂર કરાયા હતા. આવનારા દિવસોમાં શહેરમાં સરકારી જમીન પરથી દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રાખવાનું પાલિકા તંત્રએ જણાવ્યું છે.આણંદ શહેરના સ્ટેશન રોડ, મોટી શાકમાર્કેટ પાસે ફ્રૂટનો ધંધો કરતા લારીઓવાળાઓ ટ્રાફિક અને રાહદારીઓને નડતરરૂપ થાય તે રીતે જાહેર રસ્તાઓ ઉપર દબાણ કરી ઉભા રહે છે. જેના પરિણામે ટ્રાફિકમાં વારંવાર અડચણ ઉભી થતા ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે. ત્યારે આણંદ મનપાના એસ્ટેટ વિભાગની ટીમે શનિવારે આકસ્મિક ચેકિંગ હાથ ધરી જાહેર રસ્તા ઉપરથી ૭૦થી વધુ લારીઓ જપ્ત કરાઈ હતી. વિદ્યાનગર રોડ ઉપર એપીસી સર્કલ પાસે ખાઉધરી ગલી પાસેથી પણ લારી- ગલ્લા અને ખુરશીઓ જપ્ત કરાઈ હતી. સરકારી જગ્યા ઉપર ખોટી રીતે લોકોને નડતરરૂપ ટ્રાફિકની સમસ્યા થાય તે રીતે મૂકવામાં આવેલા લારી- ગલ્લાઓને જપ્ત કર્યા બાદ દંડનીય અને કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવશે, તેમ આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે જણાવ્યું છે. આણંદ શહેરમાં કયા સ્થળે ટ્રાફિકની સમસ્યાઆણંદ શહેરના બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન પાસે, અમૂલ ડેરી રોડ, ટૂંકી ગલી, જૂની પોસ્ટ ઓફિસ તથા સિવિલ હોસ્પિટલ, પોલસેલ ડેરી, રેલવે ગોદી, ગોપાલ ટોકીઝ.

## વાઈબ્રન્ટ ગુજરાતમાં નલ સે જલ યોજનાનો ફિયાસ્કો, 290 ગામડામાં ટેન્કર રાજ, પીવાનું શુદ્ધ પાણી નથી



ગુજરાતમાં એક તરફ, કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઊઠ્યાં છે તો, બીજી તરફ, ચારેકોર પાણીના પોકાર ઊઠ્યાં છે. ખાસ કરીને છેવાડાના ગામડાઓમાં તો લોકોને પાણી માટે ભટકવું પડી રહ્યુ છે. નર્મદાના નીર છેવાડાના ગામડા સુધી પહોચ્યાં છે અને નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યુ છે તેવા દાવાનો પરપોટો ફુટ્યો છે. નલ સે જલ યોજના ભ્રષ્ટાચારનું માધ્યમ બનીસરકારનો જ રિપોર્ટ છે કે, 290 ગામડાઓમાં ટેન્કરના માધ્યમથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ગામડાઓ જ નહીં, અમદાવાદ જેવા શહેરોમાં ય ટેન્કરથી પાણી પહોચતું કરવામાં આવી રહ્યાં છે. વાઈબ્રન્ટ ગુજરાતની કમનસીબી જુઓ કે, આજે પણ લોકોને પીવાનુ શુદ્ધ પાણી મળી રહ્યું નથી. આજે પણ 700થી વધુ ગામડાઓના ગ્રામજનો કૂવા અને હેન્ડપંપથી પીવાનુ પાણી મેળવવા મજબૂર છે. નલ સે જલ યોજનાના માધ્યમથી ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં નળથી પીવાનુ પાણી પહોચ્યુ છે અને 100 ટકા સિદ્ધી હાંસલ કરાઇ છે તેવો સરકારનો દાવો છે. વાસ્તવમાં નલ સે જલ યોજના ભ્રષ્ટાચારનું માધ્યમ બની છે તેવો ઉલ્લેખ કરતાં ધારાસભ્ય અનંત પટેલનું કહેવુ છે કે, મહારાષ્ટ્ર બોર્ડર નજીકના ગામડાઓમાં પાણીની ખેંચ વર્તાઈ છે. નવસારી જિલ્લાના 25 જેટલાં ગામડાઓમાં એવી દશા છે કે, ખાનગી બોરમાંથી લોકોને પાણી મેળવવુ પડે છે. ઘર પાસે નળ લગાવી દીધાં છે પણ પાણીના પાઈપલાઈન જ નાંખી નથી. દુર દુર સુધી પાણી લેવા જવું પડે છે. સરકારમાં રજૂઆત કર્યા પછી ય સમસ્યા હલ થતી નથી.આ પણ વાંચોઃ ગુજરાતમાં હથિયાર લાઈસન્સનો ધૂમ વેપલો; મંત્રીપુત્ર, રાજકારણી-કલાકારોને લીધે બોગસ હથિયારોની તપાસ ખોરંભેસરકારના રિપોર્ટમાં જ એવો જ ખુલાસો થયો છેકે, અમરેલી, ગીર સોમનાથ, બનાસકાંઠા, ડાંગ , સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં પાણીની સમસ્યા વકરી છે.આ વિસ્તારોમાં ૨૯૦ ગામડાઓમાં ટેન્કરથી પાણી પહોંચતુ કરવામાં આવી રહ્યુ છે. ભૂગર્ભ જળના તળ ઉંચા આવ્યાં છે તેવો પાણી પુરવઠા મંત્રીએ દાવો કર્યો છે પણ વાસ્તવિકતા એછે કે, આદિવાસી વિસ્તારોમાં તો પાણીના બોર સુધ્ધાં સૂકાયાં છે. ધારાસભ્ય કાંતિ ખરાડીનું કહેવુ છે કે, દાંતા-અમીરગઢ વિસ્તારમાં તો હેન્ડપંપ જ તૂટી ગયા છે. બોર સુકાઇ જતાં પાણી આવતુ જ નથી. નલ સે જલ યોજના મશ્કરી સમાન છે કેમકે, મુખ્ય પાણીની પાઇલપાઇન નાંખી નથી. માત્ર નળ લગાડીને દેખાડો કરાયો છે. ટેન્કર ચાલુ કરવા રજૂઆત કરાઇ પણ કોઇ સાંભળતુ નથી.ગામડાઓના લોકોએ કૂવા પર જ નિર્ભર ગુજરાતમાં 495 ગામડાઓ એવાં જ્યાં ગ્રામજનો કૂવામાંથી જ પીવાનું પાણી મેળવે છે. છોટાઉદેપુર, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને જૂનાગઢ વિસ્તારમાં ગામડાઓના લોકોએ કૂવા પર જ નિર્ભર રહેવું પડે તેમ છે.

## જામનગર ના કુખ્યાત દીવલા ડોને ફરી પોત પ્રકાશયું: એક વિદ્યાર્થી ને માર માર્યો હોવાની ચાર સામે પોલીસ ફરિયાદ



જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા કુખ્યાત દીવલા ડોને ફરીથી પોત પ્રકાશયું છે, અને પોતાના ત્રણ સાગરીત સાથે મળીને એક વિદ્યાર્થીને માર માર્યો હોવાની પોલીસ ફરિયાદ થઈ છે, ઉપરાંત વિદ્યાર્થીનું ઉપરાણું લઈને ગયેલા તેના પિતાને પણ લમધારી નાખ્યા હતા, અને એક વાહનમાં તોડફોડ કરી નાખી હોવાથી પોલીસ ફરિયાદ થઈ છે.આ ચકચાર જનક બનાવની વિગત એવી છે કે જામનગરમાં પુનિત નગર વિસ્તારમાં રહેતા અને ફોટોગ્રાફી નો વ્યવસાય કરતા અબ્દુલભાઈ આમદભાઈ તુરીયા નામના 35 વર્ષના મુસ્લિમ યુવાને પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર ઉપર હુમલો કરી દઈ ઈજા પહોંચાડવા અંગે તેમજ એક વાહનમાં પથ્થર મારી તોડફોડ કરી નાખવા અંગે જામનગરના કુખ્યાત દિવ્યરાજસિંહ ઉર્ફે દિવલા ડોન તેમજ તેના અન્ય ત્રણ સાગ્રીતો જગદીશસિંહ ઉર્ફે જગો સોઢા, કુલદીપસિંહ વનરાજસિંહ રાઠોડ તેમજ શબ્બીર હુસેન સંઘાર સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.00:00/02:53પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અબ્દુલભાઈનો પુત્ર કે જે જામનગરની એક ખાનગી સ્કૂલમાં 11માં ધોરણમાં અભ્યાસ કરે છે, જેનું રિઝલ્ટ લેવા માટે ગયો હતો, જે દરમિયાન ઉપરોક્ત આરોપીઓ જેને રસ્તામાં મળી ગયા હતા, અને ગાળો બોલવા લાગતાં તમામ આરોપીઓને ગાળો બોલવાનીના પાડવાથી ઉસકેરાયા હતા, અને વિદ્યાર્થીને માર માર્યો હતો. જેનું ઉપરાણું લઈને ગયેલા તેના પિતાને પણ ચારે શખ્સો ત્યાં પડેલા જી.જે.10.ડી.એલ. 2896 નંબરના સ્કૂટરમાં પણ પથ્થર મારીને 8000 રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું.જે મામલો સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, જ્યાં સીટી બી. ડિવિઝન ના પી.આઈ. પી.પી. ઝા દ્વારા તાત્કાલિક અસરથી અબ્દુલભાઈની ફરિયાદના આધારે દિવલા ડોન સહિત ચાર આરોપીઓ સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે અને ભાગી છુટેલા ચારેય આરોપીઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

## મહિને કરોડોના વ્યવહાર છતાં આઝાદીના 77 વર્ષ બાદ પણ ગુજરાતના કડછમાં હજુ સુધી બેન્કની સુવિધા નથી




પોરબંદરના ઘેડ વિસ્તારમાં આઠ હજારની વસ્તી ધરાવતા કડછ ગામમાં હજારો ખાતેદારો, પશુપાલનના ધમધમતા વ્યવસાયથી મહિને કરોડોની થતી આવક છતાં પણ ખાટલે મોટી ખોટ છે કે અહીં બેન્કની સુવિધા જ નથી. ગામના લોકો ફિક્સ ડિપોઝીટ, પાક ધિરાણલોન સહિતની આર્થિક લેવડદેવડ મોટા પાયે કરે છે. પરંતુ બેન્ક ન હોવાને કારણે ગ્રામજનોને હાલાકી ભોગવવી પડે છે. આ સ્થિતિમાં બેન્કની સુવિધા પૂરી પાડવા રજૂઆત કરવામાં આવી છે. આ પણ વાંચોઃ ગુજરાતમાં હથિયાર લાઈસન્સનો ધૂમ વેપલો; મંત્રીપુત્ર, રાજકારણી-કલાકારોને લીધે બોગસ હથિયારોની તપાસ ખોરંભે બેન્કના કામકાજ માટે માધવપુરનો ધક્કો ગામમાં ખેતીની જમીનનો વિસ્તાર મોટો છે. રેવન્યૂ રેકર્ડ પર ગામમાં 3 થી 4 હજાર ખેડૂત ખાતેદારોની સંખ્યા છે. ગામમાં 15થી વધુ દૂધની ડેરી હોવાથી પશુપાલકોને બેન્ક મારફત દર મહિને એક કરોડથી વધુ રકમની આર્થિક લેવડ-દેવડ કરે છે. તેમ મોટા પાયે ચણાનું વાવેતર થતાં વેપારી પેઢીઓ નાણાંકીય વર્ષ દરમિયાન 100 કરોડથી વધારે રકમનું ટર્નઓવર કરે છે. તેમ છતાં કઠણાઈ એ છે કે, બેન્કિંગને લગતી મોટાપાયે લેતી દેતી હોવા છતાં ગામમાં એકપણ બેન્ક શાખા નથી. જેથી ગ્રામજનોએ બેન્કના કામકાજ માટે 10 થી 15 કિલોમીટર દૂર જવું પડે છે. આ પણ વાંચોઃ અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા સહિત ગુજરાતના અનેક ભાગમાં કમોસમી વરસાદ, વાતાવરણમાં ઠંડક પ્રસરી ચોમાસામાં અહીં પાણી ભરાઈ જવાને કારણે બેન્કના વહીવટ માટે માધવપુર જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમજ વિદ્યાર્થીઓને પણ બેન્કમાં જવા થતી સ્કોલરશીપ સહિતની સરકારી સહાય માટે પણ ગામમાં બેન્કની વ્યવસ્થા અભાવે હેરાનગતિ ભોગવવી પડે છે. કડછ ગામને બેન્કની સુવિધા મળી રહે તે માટે ગામના સરપંચ સહિતના પદાધિકારીઓએ RBIને આવેદનપત્ર પાઠવ્યું છે.

## નવા શૈક્ષણિક વર્ષથી શાળાએ અવર-જવર માટે મફત વાહન સેવા! 1.66 લાખ વિદ્યાર્થીઓને થશે ફાયદો



સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય પરિવહન સેવાનો લાભ આપવા માટે ગત વર્ષે 2024 માં કરાયેલા ઠરાવ અંતર્ગત રાજ્યની પ્રાથમિક સ્કૂલો બાદ હવે સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં અભ્યાસ કરતા 1.66 લાખ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ મળશે. શિક્ષણ વિભાગ દ્વારા આ વિદ્યાર્થીઓ પણ ઘરેથી સ્કૂલ જવા માટે પરિવહનની સેવાનો લાભ લઈ શકે તે માટે દરખાસ્ત મંગાવવાનું નક્કી કર્યું છે. જેમાં 7 મે સુધીમાં દરખાસ્ત મળ્યા બાદ 12 મે સુધીમાં મંજૂરીની કાર્યવાહીપૂર્ણ કરવામાં આવશે. વિદ્યાર્થીના ઘરથી 5 કિ.મી. કરતા વધુ દૂર આવેલી સ્કૂલ માટે પરિવહન યોજનાનો લાભ મળશે. વિદ્યાર્થી કન્સેશન પાસની સુવિધાસરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધી મુસાફરી કરી શકે તે માટે વિદ્યાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવેલી છે. ઉપરાંત સરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓને ઘરથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ પણ વાંચોઃ વાઈબ્રન્ટ ગુજરાતમાં નલ સે જલ યોજનાનો ફિયાસ્કો, 290 ગામડામાં ટેન્કર રાજ, પીવાનું શુદ્ધ પાણી નથીઆ યોજનાનો વ્યાપ વધારી સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી શાળા સુધી પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શાળા પરિવહન યોજનાનો લાભ મેળવી શકશે. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાએથી 7 મે સુધીમાં જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએથી દરખાસ્ત મેળવી 12 મે સુધીમાં મંજૂરી આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ યોજનાનો લાભ કોને મળી શકશે? આ યોજનાનો લાભ લેતા વિદ્યાર્થીઓની કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની તમામ પ્રકારની અન્ય યોજનામાં ડુપ્લીકેશન ન થાય તે જોવાની જવાબદારી શાળાની રહેશે. વિદ્યાર્થીના રહેણાંકથી 5 કિ.મી.થી વધુ અંતરે આવેલી સૌથી નજીકની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળશે.આ પણ વાંચોઃ મહિને કરોડોના વ્યવહાર છતાં આઝાદીના 77 વર્ષ બાદ પણ ગુજરાતના કડછમાં હજુ સુધી બેન્કની.

## થાનના જામવાડી મહેસૂલી ચોકી પર ચેકિંગ દરમિયાન ખનીજ ચોરી ઝડપાઇ



થાનના જામવાડી મહેસૂલી ચોકી પર ચેકિંગ દરમિયાન ખનીજ ચોરી ઝડપાઇ છે. કૂવામાંથી કાર્બોસેલનું ખનન શરૂ કરવાની તૈયારી ચાલતી હતી અને તંત્રએ દરોડો પાડી ત્રણની ધરપકડ કરી છે. તંત્રની ટીમે ડમ્પર, કાર્બોસેલ સહિત રૂા.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

થાન તાલુકાના જામવાડી ખાતે બનાવેલ મહેસૂલી ચોકી પર ચોટીલા પ્રાંત અધિકારી અને ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજચોરી રોકવા રાત્રી દરમ્યાન ચેકિંગ હાથ ધરી વોચ ગોઠવી હતી. દરમ્યાન મોડી રાત્રે એક ડમ્પર પસાર થતાં તેને રોકી પુછપરછ કરતા ડમ્પરના માલીક વિજયભાઈ અલગોતર (રહે.જામવાડી) હોવાનું જણાઈ આવ્યું હતું. વધુ તપાસ કરતા કાર્બોસેલના કૂવાઓ પર ચરખી મુકીને ખોદકામ શરૂ કરવાની ત્રણ શ્રમિકો તૈયારી કરી રહ્યાં હતાં અને થોડા પ્રમાણમાં કોલસો કાઢી તેને ભરવાનું શરૂ કર્યું હતું તે દરમ્યાન રેઈડ કરી હતી અને સ્થળ પરથી એક ડમ્પર, એક લોડર, એક ચરખી મશીન અને ૨૦ મેટ્રીક ટન કાર્બોસેલ સહિત કુલ રૂા.૩૬ લાખનો મુદ્દામાલ કબજે કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા ત્રણ શખ્સો સહિતનાઓ સામે તંત્રની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

## જામજોધપુરના માર્કેટિંગ યાર્ડમાં એક પેઢી કાચી પડી: સતાપર ગામના પાંચ ખેડૂતોના 32 લાખ રૂપિયા સલવાયા



જામજોધપુર માર્કેટિંગ યાર્ડની એક વેપારી પેઢી કાચી પડતાં વેપારી આલમમાં અને ખેડૂતોમાં ભારે હલચલ મચી ગઈ છે. સતાપર ગામના પાંચ ખેડૂતોની રૂપિયા 32 લાખની જણસ મેળવી લીધા પછી તેની રકમ નહીં ચૂકવી વેપારી પિત-પુત્ર, અને ભાઈ કે જેઓ પોતાના ધંધાના સ્થળ અને મકાનને તાળા મારીને ભાગી છૂટ્યા છે, જેથી ત્રણેય સામે ખેડૂતો દ્વારા છેતરપિંડી અંગેની જામજોધપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે તમામને પોલીસ શોધી રહી છે. જામજોધપુરના માર્કેટિંગ યાર્ડમાં આવેલી વિઠલાણી બ્રધર્સ નામની વર્ષો જૂની પેઢી, તથા તેની સાથે સંયુક્તમાં આવેલી અલગ અલગ બે પેઢી કે જેઓના સંચાલક રમેશભાઈ મથુરાદાસ વિઠલાણી, અને ગોપાલભાઈ મથુરાદાસ વીઠલાણી નામના બે ભાઈઓ તેમજ રમેશભાઈના પુત્ર કિસન રમેશભાઈ વિઠલાણી કે જેઓએ જામજોધપુર તાલુકાના સતાપર ગામના કેટલાક ખેડૂતોની ચાણસની રકમ ચૂકવ્યા વિના પેઢીને તાળા મારીને ભાગી છુટયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ઉપરાંત તેઓનો મકાન પણ બંધ અવસ્થામાં છે, અને સમગ્ર પરિવાર ભૂગર્ભમાં ઉતરી ગયો છે. જેથી ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. જામજોધપુર તાલુકાના સતાપર ગામમાં રહીને ખેતી કામ કરતા દિનેશભાઈ સુરાભાઈ પરમાર કે જે અઢી દાયકાથી ઉપરોક્ત વિઠ્ઠલાણી બંધુઓ ની પેઢી સાથે પોતાની અલગ અલગ જણસની વેચાણ કરી વ્યવહાર ચલાવે છે, જે ભરોસા ને લઈને આ વખતે પણ દિનેશભાઈ પરમાર દ્વારા પોતાની અંદાજે 5,16.750ની કિંમતનો મગફળી નો જથ્થો વેચાણ માટે વેપારી ને આપ્યો હતો, જેની બાકી રોકાતી રકમ આપવા માટે અવાર નવાર જુદા જુદા બહાના આપતા હતા. આખરે પેઢીના સંચાલકો લાપતા બની ગયા હોવાથી ગામના ખેડૂત દિનેશભાઈ પરમાર દ્વારા ત્રણેય આરોપીઓ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત તેઓની સાથે જસાપર ગામના પણ અન્ય ચાર ખેડૂતો કે જે ઓએ પણ વધુ 27 લાખ રૂપિયાની અલગ અલગ જણસ તેમાં મગફળી કપાસ જીરું વગેરેનો સમાવેશ થાય છે. જે તમામ વસ્તુઓ મેળવી લીધા પછી પેઢીના સંચાલકોએ થોડા સમયમાં પૈસા આવી જશે તેમ કહયે રાખ્યું હતું, અને પોતાની પેઢીને તાળા મારીને આખરે તેઓ ભાગી છુટ્યા હતા. જેથી સમગ્ર મામલો જામજોધપુર પોલીસ મથકમાંમાં લઈ જવાયો છે, અને દિનેશભાઈ પરમાર ની ફરિયાદના આધારે જામજોધપુર પોલીસે જુદી જુદી કલમમાં હેઠળ ગુન્હો નોંધ્યો છે, અને તપાસનો ધમધમા શરૂ કર્યો છે. હાલ તમામ આરોપીઓના મોબાઇલ ફોન સ્વીચ ઓફ થઈ ગયા છે, જ્યારે ઘરના પણ સભ્યો પોતાના મકાન પર તાળા મારીને લાપત્તા થયા હોવાથી મોબાઈલ ફોનની કોલ ડિટેઈલના આધારે તમામના લોકેશન મેળવવામાં આવી રહ્યા છે .આ પ્રકરણની તપાસ જામજોધપુરના પી.એસ.આઇ એચ.બી. વડાવીયા ચલાવી રહ્યા છે. જામજોધપુર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના અન્ય કોઈ ખેડૂતો આ પેઢી સાથે સંકળાયેલા હોય અને તેઓ ના પણ પૈસા ફસાયા હોય તો તાત્કાલિક અસરથી જામ જોધપુર પોલીસ મથકનો સંપર્ક સાધવા પોલીસ દ્વારા કરાયો છે.

## જામનગરના રણજીત નગર હુડકો વિસ્તારમાં રહેતી મુસ્લિમ પરણીતાને દહેજ ભૂખ્યા સાસરિયાઓનો ત્રાસ




જામનગરમાં રણજીત નગર હુડકો વિસ્તારમાં રહેતી કૌશરબાનું મહેબુબભાઇ સફિયા નામની 31 વર્ષની સંધિ જ્ઞાતિની મુસ્લિમ પરણીતાએ પોતાના દહેજ ભૂખ્યા પતિ મહેબૂબ ઓસમાણભાઈ સફિયા, ઉપરાંત સાસુ ફાતમાંબેન ઓસમાણભાઈ સફિયા અને સસરા ઓસમાણભાઈ ઉમરભાઈ સફિયા સામે પોતાને દહેજના કારણે મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢ્યાની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મહિલા પાસેથી આરોપી પતિ સાસુ અને સસરા ત્રાસ આપીને અગાઉ દહેજમાં પૈસા માંગ્યા હતા, તેઓની માંગણી સંતોષી દીધી હોવા છતાં હજુ વધુ પૈસાની માંગણી કરીને ઘરમાંથી કાઢી મૂકી હોવાથી મામલો મહિલા પોલીસ મથકમાં લઈ જવાઇ છે. જે ત્રણેય સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે, અને પોલીસ દ્વારા વધુ તપાસ ચલાવાઈ રહી છે.

# હવે ફિલ્મોમાં AI એક્ટર્સ જોવા મળશે:ફિલ્મ ડિરેક્ટર શેખર કપૂરે કહ્યું- મને શાહરુખ-અમિતાભની જરૂર નથી, હું મારા પોતાના AI સ્ટારથી ફિલ્મો બનાવીશ

ફિલ્મ પ્રોડ્યુસર શેખર કપૂર WAVES 2025 કાર્યક્રમમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે હવેના યુગમાં તેમને તેમની ફિલ્મો માટે અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન જેવા કલાકારોની જરૂર નથી, કારણ કે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી કોઈ પણ પ્રોડ્યુસર પોતાનું પાત્ર અને સ્ટાર બનાવી શકે છે. આમ, હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં AI ના પ્રવેશની ચર્ચાએ વેગ પકડી લીધો છે. ફિલ્મ નિર્માતાઓનું કહેવું છે કે નવા જમાનામાં મનુષ્ય એક્ટરથી નહીં પરંતુ પોતે જનરેટ કરેલા AI સુપર સ્ટાર્સ થી ફિલ્મો બનાવશે તે દિવસો દૂર નથી.શેખર કપૂરે WAVES 2025 કાર્યક્રમમાં કહ્યું કે, 'આવનારા સમયમાં ફિલ્મોમાં મોટા સ્ટાર્સ બનાવવાનું કામ




આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા કરવામાં આવશે. તેમણે સમજાવ્યું કે એક્ટર ફક્ત એક્ટર જ રહી જશે કારણ કે ભવિષ્યમાં AI સ્ટાર્સ બનાવશે. AI સુપર મેન જેવા સ્ટાર બનાવશે. આનો અર્થ એ થયો કે AI હવે એવા પાત્રો અથવા ચહેરાઓ બનાવી શકશે જે બિલકુલ માણસો જેવા દેખાશે.'તેમણે કહ્યું, 'હું પોતે AI ની મદદથી એક નવો ચહેરો બનાવી શકું છું.' પછી ભલે તે છોકરો હોય, છોકરી હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય અને તેના પર મારો કોપીરાઈટ રહેશે. મતલબ કે તે મારા પોતાના બનાવેલા સ્ટાર હશે, જેનો હું મારી ફિલ્મોમાં ઉપયોગ કરી શકીશ. AI ફિલ્મો માટે ઘણા વિચારો ખૂબ જ ટૂંક સમયમાં બહાર આવશે."શેખર કપૂરે કહ્યું કે હવે ટેકનોલોજી એટલી આગળ વધી ગઈ છે કે ફિલ્મ બનાવવા માટે અમિતાભ બચ્ચન કે શાહરુખ ખાન જેવા કોઈ મોટા અભિનેતાની જરૂર નહી પડે. તેમણે કહ્યું કે આજકાલ સોશિયલ મીડિયા પર જોવા મળતા ઘણા ઈન્ફ્લુએન્સર્સ અથવા સેલિબ્રિટી વાસ્તવિક માણસો નથી પણ AI દ્વારા બનાવવામાં આવ્યા છે."આનો અર્થ એ થયો કે AI હવે એવા ચહેરા અને પાત્રો બનાવી શકે છે જે વાસ્તવિક દેખાય છે, તેમની પાછળ કોઈ માનવી નથી. પરંતુ તેમ છતાં તેઓ પ્રખ્યાત થાય છે.

તો શા માટે આપણે એવા કલાકારો અને પાત્રોથી ફિલ્મો ન બનાવી શકીએ જે આપણે AI નો ઉપયોગ કરીને બનાવી છે અને પોતે જ સ્ટાર બની જાય છે?"મને અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાનની જરૂર નથી. જો હું ખરેખર સારો હોઉં, તો હું એવું પાત્ર બનાવીશ જે દર્શકોને ગમશે. પછી તે મારો પોતાનો અભિનેતા બનશે. મારી પોતાની દુનિયાનો સુપરસ્ટાર.'શેખરના મતે, AI સામાન્ય લોકોને તેમના વિચારો અને કલા વ્યક્ત કરવાની મંજૂરી આપીને મદદ કરે છે. પરંતુ તેમણે એમ પણ કહ્યું કે મશીનો પર વધુ પડતો આધાર રાખવો જોઈએ નહીં. મનુષ્યો અને AI વચ્ચેનો સૌથી મોટો તફાવત એ છે કે મનુષ્યો લાગણીઓને સમજી શકે છે અને મુશ્કેલ કે અજાણી બાબતોનો સામનો કરી શકે છે.

શેખરે કહ્યું કે 'જીવનમાં રહસ્ય અને અનિશ્ચિતતા જ આપણને જીવવાની શક્તિ આપે છે.'શેખર કપૂરે આ ફિલ્મોનું ડિરેક્શન કર્યું છેશેખર કપૂર 'માસૂમ', 'મિસ્ટર ઈન્ડિયા', 'બેન્ડિટ ક્વીન' અને બ્રિટિશ બાયોગ્રાફિકલ ડ્રામા 'એલિઝાબેથ' અને તેની સિક્વલ 'એલિઝાબેથઃ ધ ગોલ્ડન એજ (2007)' જેવી ફિલ્મોના ડિરેક્શન માટે જાણીતા છે. તાજેતરમાં તેમને પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## ભારત-પાકિસ્તાનના વિવાદ વચ્ચે એક્ટ્રેસે દેશભક્તિ દાખવી; ફવાદ ખાન સંબંધિત બધી પોસ્ટ ડિલીટ કરી દીધી




પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતમાં બધા પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં, ભારતમાં પાકિસ્તાની કલાકારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરિણામે, વાણી કપૂર અને ફવાદ ખાન અભિનિત ફિલ્મ અબીર ગુલાલની રિલીઝ મોકૂફ રાખવામાં આવી છે. હવે વિવાદો વચ્ચે, વાણી કપૂરે ફવાદ ખાન સાથેની બધી પોસ્ટ સોશિયલ મીડિયા પરથી દૂર કરી દીધી છે.ફવાદ ખાનની બોલિવૂડ કમબેક ફિલ્મ 'અબીર ગુલાલ' 9 મેના રોજ રિલીઝ થવાની હતી. આ ફિલ્મમાં વાણી કપૂર મુખ્ય ભૂમિકામાં હતી.


## કન્નડ લોકોની ભાવનાને ઠેસ પહોંચાડ્યાનો આરોપ; કોન્સર્ટમાં બોલ્યો હતો- પહેલગામમાં ભાષા પૂછીને પેન્ટ નહોતા ઉતારાયા



કન્નડ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ સિંગર સોનુ નિગમ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. સિંગર વિરુદ્ધ બેંગલુરુના અવલાહલ્લી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. તેના પર એક કોન્સર્ટ દરમિયાન કન્નડ લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. કેસ નોંધાયા બાદ સોનુએ એક વીડિયો બનાવીને પોતાની પ્રતિક્રિયા આપી છે.સિંગરે ઈન્સ્ટાગ્રામ પર લગભગ બે મિનિટનો વીડિયો બનાવીને સમગ્ર મામલા પર સ્પષ્ટતા આપી છે. વીડિયોમાં તે કહે છે, 'પ્રેમથી વાત કરવી અને ધમકી આપવી એમાં ફરક છે.' ત્યાં ફક્ત ચાર કે પાંચ ગુંડા પ્રકારના લોકો જ હતા જે બૂમો પાડી રહ્યા હતા. ત્યાં હાજર હજારો લોકો પણ તેને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મને યાદ છે કે છોકરીઓ પણ તેના પર બૂમો પાડી રહી હતી. તે તેમને આવુ કરતા રોકી રહી હતી.પહેલગામમાં ભાષા પૂછીને પેન્ટ ઉતારવામાં નહોતાં આવ્યા. તે પાંચેયને યાદ અપાવવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું. કન્નડ લોકો ખૂબ જ પ્રેમાળ હોય છે. તમારે એવું ન વિચારવું જોઈએ કે ત્યાં આવી કોઈ લહેર ચાલી રહી હતી. એવું કંઈ નથી.'સોનુ વીડિયોમાં આગળ કહે છે - 'દરેક રાજ્ય અને શહેરમાં આવા ચાર-પાંચ ગંદા લોકો હોય છે.'

# મીરા રાજપૂતે 20 વર્ષની ઉંમરે શાહિદ સાથે લગ્ન કરવાનો અનુભવ શેર કર્યો; કહ્યું- મિત્રો આગળ નીકળી ગયા તેવું લાગતું

શાહિદ કપૂરે વર્ષ 2015 માં મીરા રાજપૂત સાથે લગ્ન કર્યા હતા. બંનેના લગ્નને લગભગ દસ વર્ષ થયાં છે. તાજેતરમાં, મીરા રાજપૂતે યુટ્યુબ ચેનલ મોમેન્ટ ઓફ સાયલન્સ પર શાહિદ સાથે નાની ઉંમરે થયેલા તેના ગોઠવાયેલા લગ્ન વિશે વાત કરી. વાતચીતમાં, મીરાએ સ્વીકાર્યું કે જ્યારે તેના લગ્ન થયા હતા, ત્યારે શરૂઆતમાં તે 'અળગાપણુ' અનુભવતી હતી.ઈન્ટરવ્યૂમાં, જ્યારે મીરાને પૂછવામાં આવ્યું કે લગ્ન પછી તેના અને તેના મિત્રોમાં શું ફેરફાર આવ્યા? જવાબમાં તે કહે છે- 'મને લાગે છે કે, અમે બધા



અલગ-અલગ રીતે આગળ વધ્યા.' મારે કબૂલ કરવું જોઈએ કે તે ખૂબ જ અલગ અનુભવ હતો કારણ કે તે સમયે અમે જીવનના વિવિધ તબક્કાઓમાં હતા. હું પરિણીત હતી. જ્યારે તમે જીવનના વિવિધ તબક્કાઓમાંથી પસાર થાઓ છો અને તમારા મિત્રોને જુઓ છો, ત્યારે તમને લાગે છે કે, કાશ હું પણ એ જ કરી શકત જે બીજા કરી રહ્યા છે."લગ્ન બાદ જીવનમાં આવેલા ફેરફારો વિશે વાત કરતાં, તેણે ઉમેર્યું, 'લાંબા સમય સુધી, હું વિચારતી રહી, 'મારા ઘણા મિત્રો માસ્ટર ડિગ્રી માટે ગયા છે અથવા તેઓ ટ્રેવેલ કરી રહ્યા છે.

તમે જાણો છો, જીવન ખૂબ જ સુંદર છે. તમે શહેરો બદલો છો, તમારો પરિવાર અને બાળકો ખૂબ જ સુંદર છે. મને યાદ છે, હું તેમની સાથે પહેલા જેટલી વાત કરી શકતી નહોતી. વાત કરું ત્યારે તેમની સૌથી પહેલી પ્રતિક્રિયા એ હતી, 'શું થયું? તે લગ્ન કરી લીધાં અને અહીંથી ચાલી ગઈ, તેનો અર્થ એ નથી કે તું અમને ભૂલી ગઈ છો.'હું તેમને કહેતી, 'હું ખરેખર વ્યસ્ત અને મૂંઝવણમાં છું.' મને નથી લાગતું કે તે ત્યારે સમજી ગયા હશે, પણ સદનસીબે અમારી મિત્રતા ટકી રહી.

જોકે, તે હવે તે સમજે છે કારણ કે તે પણ તે જ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે.'નોંધનીય છે કે, મીરાએ માત્ર 20 વર્ષની ઉંમરે એક્ટર શાહિદ કપૂર સાથે લગ્ન કર્યા હતા. આજે બંનેને બે બાળકો છે. મીરા ઘણીવાર પોતાની સ્ટાઈલ અને કામને કારણે હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં તેમણે 'મુંબઈ ધૂન' નામનું એક વેલનેસ સેન્ટર ખોલ્યું છે, જેમાં આયુર્વેદિક ઉપચાર, બ્યુટી થેરાપી, હીલિંગ વગેરે જેવી સારવાર ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, મીરા એક સ્કિનકેર બ્રાન્ડની માલિક પણ છે. વર્ષ 2024 માં, તેણે રિલાયન્સ રિટેલ સ્ટોર તિરાના માલિક ઈશા અંબાણી સાથે મળીને એકાઈન્ડ બ્યુટી બ્રાન્ડ લોન્ચ કરી છે. ઈન્ટરવ્યૂમાં, જ્યારે મીરાને પૂછવામાં આવ્યું કે લગ્ન પછી તેના અને તેના મિત્રોમાં શું ફેરફાર આવ્યા? જવાબમાં તે કહે છે- 'મને લાગે છે કે, અમે બધા અલગ-અલગ રીતે આગળ વધ્યા.' મારે કબૂલ કરવું જોઈએ કે તે ખૂબ જ અલગ અનુભવ હતો કારણ કે તે સમયે અમે જીવનના વિવિધ તબક્કાઓમાં હતા. હું પરિણીત હતી.

## ગયા વર્ષે એક્ટરનું નામ અમિતાભ બચ્ચનની દૌહિત્રી નવ્યા સાથે જોડાયું હતું; હવે એકબીજાને ફોલો પણ કરતા નથી



'ગલી બોય', 'નાદાનિયાં', 'બંટી ઔર બબલી 2' જેવી ફિલ્મોમાં જોવા મળેલો એક્ટર સિદ્ધાંત ચતુર્વેદી લાંબા સમય સુધી અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદા સાથે જોડાયેલો હતો. જોકે, હવે અહેવાલો અનુસાર, સિદ્ધાંત આ દિવસોમાં સારા તેંડુલકરને ડેટ કરી રહ્યો છે. બંને ઘણી વાર સાથે જોવા મળ્યાં છે.ફિલ્મફેરના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર અને સિદ્ધાંત ચતુર્વેદી નજીક આવી રહ્યા છે. બંને મોટાભાગે સાથે સમય વિતાવતા જોવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને વચ્ચે ચમક જોવા મળી રહી છે. કારણ કે આ સંબંધ હજુ શરૂઆતના તબક્કામાં છે, બંને આ સમાચારને છુપાવી રહ્યા છે.સિદ્ધાર્થ નવ્યા નવેલી સાથેના તેના લિંક-અપના સમાચારને કારણે સમાચારમાં હતો.ગયા વર્ષે, સિદ્ધાંત ચતુર્વેદી ઘણી વખત નવ્યા નવેલી સાથે જોવા મળ્યો હતો. બંને એકબીજાના ઘરે પાર્ટીઓમાં જવા લાગ્યા હતા, ત્યારબાદ તેમના સંબંધોની અફવાઓ ચર્ચામાં આવી. દરમિયાન, જ્યારે બંને સાથે રજાઓ ગાળવા ઋષિકેશ ગયા, ત્યારે આ સમાચારોએ જોર પકડ્યું હતું.જોકે, થોડા મહિનાઓથી એવા અહેવાલો આવી રહ્યા હતા કે બંને અલગ થઈ ગયા છે. બંને એકબીજાની પોસ્ટને લાઈક કરતા હતા, પરંતુ હવે તેઓ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને ફોલો પણ નથી કરતા.'ધડક 2'માં જોવા મળશે સિદ્ધાંતવર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, સિદ્ધાંત ચતુર્વેદી છેલ્લે નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી 'ખો ગયે હમ કહાં'માં જોવા મળ્યો હતો. આગામી સમયમાં તે 'ધડક 2'માં જોવા મળશે. આમાં તેમની સામે 'એનિમલ' ફેમ તૃપ્તિ ડિમરી હશે. આ સિવાય સિદ્ધાંત પાસે 'દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ' પણ છે.

## એક્ટર વીરદાસ પાડોશીની કરતૂત પર ગુસ્સે થયો; કહ્યું- તેમણે ડિલિવરી બોયની મજબૂરી સમજવી જોઈએ



'બદમાશ કંપની', 'ડેઈલી બેલી' જેવી ઘણી શાનદાર ફિલ્મોમાં કામ કરી ચૂકેલો એક્ટર અને કોમેડિયન વીર દાસે તાજેતરમાં ડિલિવરી બોય સાથે ઝઘડો કરનારા પડોશીઓને ઠપકો આપ્યો છે. વીર દાસે પોસ્ટ કરી છે કે તે તેના પડોશીઓને થપ્પડ મારવા માંગે છે.વીર દાસે તાજેતરમાં તેના સત્તાવાર X પ્લેટફોર્મ (અગાઉ ટ્વિટર) પર લખ્યું, મેં સાંભળ્યું છે કે અમારા બિલ્ડિંગના પડોશીઓ ડિલિવરી બોય સાથે ઝઘડો કરી રહ્યા હતા. કારણ કે ડિલિવરી બોય 10 મિનિટ મોડો પડ્યો હતો. મને ક્યારેય કોઈને થપ્પડ મારવાનું મન થયું નથી. મુંબઈમાં એક સરેરાશ ડિલિવરી કરનાર વ્યક્તિ મંગળ જેવી સફર પછી તેના ઈ-સ્કૂટર પર તમારા સુધી પહોંચે છે. થોડી ધીરજ રાખો.'વીર દાસનું નિવેદન બહાર આવ્યા બાદ, સોશિયલ મીડિયા યુઝર્સ બે જૂથોમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો વીર દાસ સાથે સહમત થઈ રહ્યા છે, તો કેટલાક ડિલિવરી બોય સાથેના પોતાના ખરાબ અનુભવો શેર કરી રહ્યા છે.થોડા દિવસ પહેલા એર ઈન્ડિયાને ઠપકો આપ્યો હતોજણાવી દઈએ કે થોડા દિવસો પહેલા જ વીર દાસે એર ઈન્ડિયામાં મુસાફરી કરવાનો પોતાનો ખરાબ અનુભવ શેર કર્યો હતો. કોમેડિયને ફરિયાદ કરી હતી કે તેણે 50,000 રૂપિયાની ટિકિટ બુક કરાવી હતી, જેમાં વ્હીલચેર અને સામાન લઈ જવાની સુવિધા પણ હતી.

## એક્ટર શહજાદ ખાનનો મોટો આરોપ; કહ્યું- જે ક્યાંય ન ચાલે તેવા લોકોને ભાઈજાન સ્ક્રિપ્ટિંગ સોંપે છે



સલમાન ખાન સાથે 'અંદાઝ અપના અપના' અને 'ભારત' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર શહઝાદ ખાને તાજેતરમાં જ સલમાન ખાનની ફિલ્મો સતત ફ્લોપ થવા પર પ્રતિક્રિયા આપી છે. તે માને છે કે સલમાનની ફિલ્મો નિષ્ફળ જાય છે કારણ કે તે એવા મિત્રોને સ્ક્રિપ્ટિંગ માટે પોતાની સાથે બેસાડે છે, જેમની પાસે કોઈ કામ નથી. જોકે તેમણે એમ પણ કહ્યું કે સલમાનની ફિલ્મો ભલે ફ્લોપ જાય, પણ સલમાન ક્યારેય ખતમ થઈ શકતો નથી.તાજેતરમાં, ઈન્ડિયા ટુડે ડિજિટલને આપેલા એક ઈન્ટરવ્યૂમાં, શહેઝાદને સલમાનની ફ્લોપ ફિલ્મો વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં એક્ટરે કહ્યું હતું કે, 'આ બધું બકવાસ છે. આ તો સાવ બકવાસ છે. એ વાત અલગ છે કે તેની ફિલ્મો સારી ચાલી રહી નથી, પણ સલમાન ખાન ક્યારેય સમાપ્ત થઈ શકે નહીં. જ્યાં સુધી ભગવાન તેને બોલાવે નહીં, ત્યાં સુધી તે ચાલતો રહેશે. તેનું સ્થાન કોઈ લઈ શકશે નહીં. ટાઈગર અભી જિંદા હૈ ઔર હંમેશા રહેગા. તેમની ફિલ્મો આવશે અને સુપર-ડુપર હિટ થશે. સલમાન ખાનની કરિયર ખતમ થઈ જશે એ વિશે વાત કરવી એ સંપૂર્ણપણે બકવાસ છે. તેમની વિરુદ્ધ બોલીને લોકો યુટ્યુબ પર પોતાની દુકાનો ચલાવી રહ્યા છે. આપણે તેને ગંભીરતાથી ન લેવા જોઈએ.'શહજાદ ખાન સલમાન-આમિરની

ફિલ્મ 'અંદાઝ અપના અપના'માં ભલ્લાની ભૂમિકામાં જોવા મળ્યો હતો.શહજાદ ખાન સલમાન-આમિરની ફિલ્મ 'અંદાઝ અપના અપના'માં ભલ્લાની ભૂમિકામાં જોવા મળ્યો હતો.શહજાદ ખાને વધુમાં કહ્યું કે તેમની જે પણ સ્ક્રિપ્ટો ખોટી પડી છે તેનું કારણ એ છે કે તે એવા લોકોને સાથે બેસાડે છે જેમની પાસે કોઈ કામ નથી. હું નામ નહીં લઉં પણ એક એવો એક્ટર છે જેને તેણે 'સિકંદર' દ્વારા બ્રેક આપ્યો હતો.

# ફ્લોપ ગઈ તો લોકોએ નકામી ગણી; ઓટીટી પર કમબેક કરી ચમકી; 'દબંગ-2' બાદ પાછું વળીને જોયું નથી

જ્યારે ઘર છોડીને ભાગવું પડ્યું તે વખતે ખૂબ જ નાની હતી. માતા-પિતા એક સૂટકેસ લઈને ફક્ત એવી આશાએ ઘર છોડ્યું હતું કે આ થોડા દિવસોની વાત હશે. પરંતુ 35 વર્ષ વીતી ગયાં અને તે આજ સુધી કાશ્મીર પરત ફરી શક્યા નથી. કાશ્મીરમાં તેમનું એક મોટું ઘર અને અનંત ખુલ્લું આકાશ હતું. પરંતુ દિલ્હી, મુંબઈ અને બેંગલુરુમાં, પરિવાર એક રૂમમાં સીમિત થઈ ગયો. શૂન્યથી શરૂઆત કરીને, માતાપિતાએ કોઈક રીતે સારો ઉછેર કર્યો.જ્યારે તેણે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો, ત્યારે તેની પહેલી ફિલ્મ ફ્લોપ સાબિત થઈ. લોકોએ કામ આપવાની ના પાડી. આ સમય દરમિયાન, તે ભાંગી પડી અને એક્ટિંગ છોડી દેવાનું વિચાર્યું પણ પછી ફરીવાર પોતાની જાતને બેઠી કરી અને ટકી રહેવાનો નિર્ધાર કર્યો. તેને પોતાના એ નિર્ણયનું પરિણામ પણ મળ્યું.આજની સક્સેસ સ્ટોરીમાં, એક્ટ્રેસ સંદીપા ધર પોતાની વાત કહી રહી છે...'કાશ્મીરથી ભાગવું પડ્યું ત્યારે એક મહિનાની હતી"હું કાશ્મીરી પંડિત છું. હું ફક્ત એક મહિનાની હતી ત્યારે મારા પરિવારને બધું મૂકીને કાશ્મીર છોડવું પડ્યું. મારી માતા ત્યાંની એક શાળામાં આચાર્યા હતી. ત્યાંથી આવ્યા પછી, મારું જીવન દિલ્હી, બેંગલુરુ અને મુંબઈમાં



સદાનાએ મને ફોન કર્યો. તેમણે કોલ પર કહ્યું કે સૂરજ બડજાત્યા ₹મૈંને પ્યાર કિયા₹ પછી એક છોકરા-છોકરીની જોડીને લોન્ચ કરવા જઈ રહ્યા છે, તેથી અમે તમારો ટેસ્ટ કરવા માગીએ છીએ. મેં ક્યારેય કોઈ ફિલ્મ માટે ઓડિશન આપ્યું નહોતું. મેં કાસ્ટિંગ ડિરેક્ટરને કહ્યું કે મેં ક્યારેય કોઈ ફિલ્મ માટે ઓડિશન આપ્યું નથી, તેથી મને ખબર નથી કે શું કરવું. તેમણે મને ચિંતા ન કરવાનું કહ્યું, પછી તેમણે મને કોઈ જૂની રાજશ્રી ફિલ્મનો મોનોલોગ આપ્યો. મારે તે શીખીને પછી ઓડિશન માટે જવાનું હતું."હું માધુરી દીક્ષિત અને તેની ફિલ્મ 'હમ આપકે હૈ કૌન'ની મોટી ફેન છું. મને રાજશ્રીની ઑફિસ જોવા મળશે એવું વિચારીને ત્યાં ગઈ. એવું પણ વિચાર્યું કે, હું સૂરજ બડજાત્યાને મળીશ કારણ કે અભિનયમાં મને કંઈ આવડવાનું નહોતું. મને યાદ છે કે મેં મોનોલોગ ગોખી લીધા હતા. પરંતુ પહેલા જ ટેકમાં હું આખો મોનોલોગ ભૂલી ગઈ. શાળામાં હું પુસ્તકીયો કીડો હતી કારણ કે હું બધું જ ગોખીને યાદ રાખતી હતી. ગોખી નાખવું મારી ખાસિયત હતી, પણ કેમેરા સામે મારી હાલત ખરાબ થઈ ગઈ હતી. મને પરસેવો વળવા લાગ્યો હતો."મારી હાલત જોઈને કાસ્ટિંગ ડિરેક્ટરે મને કહ્યું કે આરામ કરો.

# કોલકાતાએ રાજસ્થાનને રોમાંચક મેચમાં એક રનથી હરાવ્યું:રિયાન પરાગે સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકાર્યા, પણ ટીમને જીત અપાવી શક્યો નહીં

IPLની 53મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સને 207 રનનો ટાર્ગેટ આપ્યો છે. ટીમે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરી અને 20 ઓવરમાં 4 વિકેટે 206 રન બનાવ્યા. કોલકાતાએ IPLમાં 29મી વખત 200 થી વધુનો સ્કોર નોંધાવ્યો છે. આન્દ્રે રસેલ 25 બોલમાં 57 રન બનાવીને અણનમ રહ્યો. તેણે 6 છગ્ગા અને 4 ચોગ્ગા ફટકાર્યા. રિંકુ સિંહ 6 બોલમાં 19 રન બનાવીને અણનમ રહ્યો. આ બે સિવાય અંગક્રિશ રઘુવંશીએ 44, રહેમાનુલ્લા ગુરબાઝે 35 અને કેપ્ટન અજિંક્ય રહાણેએ 30 રનનું યોગદાન આપ્યું હતું. જોફ્રા આર્ચર, યુદ્ધવીર સિંહ, મહિશ થિક્સાના અને કેપ્ટન રિયાન પરાગને એક-એક વિકેટ મળી હતી.રનચેઝમાં રાજસ્થાન તરફથી રિયાન પરાગ અને શુભમ દુબે ક્રિઝ પર છે.રિયાન પરાગે સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકાર્યા. તેણે મોઈન અલીની ઓવરમાં 5 છગ્ગા અને વરુણ ચક્રવર્તીની ઓવરમાં છઠ્ઠો છગ્ગો ફટકાર્યો. તેણે પોતાનો અડધી સદી પૂરી કરી લીધી છે અને શિમરોન હેટમાયર સાથે 50+ રનની ભાગીદારી પણ કરી છે.વરુણ ચક્રવર્તીએ વાનિન્દુ હસરાંગા અને ધ્રુવ જુરેલને ઝીરોના સ્કોર પર પેવેલિયન મોકલી દીધા હતા. મોઈન અલીએ યશસ્વી જયસ્વાલ (34) અને નવોદિત કુણાલ સિંહ રાઠોડ (0)ને આઉટ કર્યા હતા. વૈભવ સૂર્યવંશી (4 રન) વૈભવ અરોરાના બોલ પર રહાણેના હાથે કેચ આઉટ થયો હતો. અરોરાએ 18મી વખત ડાબા હાથના બેટરને આઉટ કર્યો.લાઈવ અપડેટ્સ30 મિનિટ પેહલા29 રન બનાવીને હેટમાયર આઉટ, રાજસ્થાને છઠ્ઠી વિકેટ ગુમાવીરાજસ્થાને 16મી ઓવરમાં છઠ્ઠી વિકેટ ગુમાવી દીધી. અહીં શિમરોન હેટમાયર 29 રન બનાવીને આઉટ થયો હતો. તે હર્ષિત રાણાના બોલ પર સુનીલ નારાયણના હાથે કેચ આઉટ થયો.45 મિનિટ પેહલારિયાન પરાગે સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકાર્યારિયાન પરાગે સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકાર્યા છે. તેણે વરુણ ચક્રવર્તીના પહેલા બોલ પર સિક્સર ફટકારી. તેણે મોઈન અલીની છેલ્લી ઓવરમાં સતત 5 છગ્ગા ફટકાર્યા હતા.52 મિનિટ પેહલામોઈન અલીની ઓવરમાં રિયાન પરાગે સતત 5 છગ્ગા ફટકાર્યામોઈન અલીએ ફેંકેલી 13મી ઓવરમાં રિયાન પરાગે સતત 5 છગ્ગા ફટકાર્યા. તેણે આ ઓવરમાં 33 રન લીધા અને શિમરોન હેટમાયર સાથે 50+ રનની ભાગીદારી પૂર્ણ કરી.06:15 મે 2025વરુણ ચક્રવર્તીએ ઓવરમાં બે વિકેટ લીધી, જુરેલ-હસરંગા આઉટ થયાઆઠમી ઓવર ફેંકતા વરુણ ચક્રવર્તીએ ઓવરમાં બે વિકેટ લીધી. આ ઓવરમાં તેણે 6 રન આપ્યા.ઓવરના ત્રીજા બોલ પર ધ્રુવ જુરેલ બોલ્ડ થયો. તેણે 93 કિમી પ્રતિ કલાકની ઝડપે ગુગલી ફેંકી.ઓવરના પાંચમા બોલ પર



વાનિન્દુ હસરંગા બોલ્ડ થયો. વરુણે હસરંગાને પણ ગુગલીથી આઉટ કર્યો.06:10 PM4 મે 2025મોઈન અલીએ બીજી વિકેટ લીધી, જયસ્વાલ આઉટ થયોરાજસ્થાને 7મી ઓવરમાં પોતાની ત્રીજી વિકેટ ગુમાવી દીધી. અહીં યશસ્વી જયસ્વાલ (34 રન) મોઈન અલીના બોલ પર રિંકુ સિંહના હાથે કેચ આઉટ થયો હતો. તેણે ડેબ્યુટન્ટ કુણાલ સિંહ રાઠોડ (0)ને પણ આઉટ કર્યો.06:05 P M 4 મે 2025પાવરપ્લેમાં રાજસ્થાને 59 રન બનાવ્યા, બે વિકેટ ગુમાવી207 રનના ટાર્ગેટ ચેઝ કરતી વખતે રાજસ્થાનની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે 9 રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. વૈભવ સૂર્યવંશી 4 રને અને કુણાલ રાઠોડ ઝીરો પર આઉટ થયો હતો. અહીંથી યશસ્વી જયસ્વાલ અને કેપ્ટન રિયાન પરાગે ઈનિંગ્સની કમાન સંભાળી. બંનેએ 50+ રનની ભાગીદારી કરી છે.05:44 PM4 મે 2025રાજસ્થાને સતત બીજી ઓવરમાં વિકેટ ગુમાવી, કુણાલ આઉટરાજસ્થાને સતત બીજી ઓવરમાં વિકેટ ગુમાવી. ઈનિંગની બીજી ઓવરમાં, મોઈન અલીએ કુણાલ સિંહ રાઠોડને આન્દ્રે રસેલના હાથે કેચ આઉટ કરાવ્યો.05:38 P M 4 મે 2025રાજસ્થાનને પહેલી ઓવરમાં જ આંચકો લાગ્યો, વૈભવ સૂર્યવંશી આઉટ207 રનના ટાર્ગેટને ચેઝ કરતા રાજસ્થાને પહેલી ઓવરમાં જ એક વિકેટ ગુમાવી દીધી હતી. અહીં વૈભવ સૂર્યવંશી 4 રન બનાવીને આઉટ થયો હતો. વૈભવ અરોરાની ઓવરના ત્રીજા બોલ પર તેણે ચોગ્ગો ફટકાર્યો. પછીના બોલ પર તે રહાણેના હાથે કેચ આઉટ થયો.05:21 P M 4 મે 2025ઈનિંગ્સ બ્રેકઃ રાજસ્થાનને 207 રનનો ટાર્ગેટ05:19 PM4 મે 2025રિંકુએ છેલ્લી ઓવરમાં સતત બે છગ્ગા ફટકાર્યા, સ્કોર 206કોલકાતાએ 20મી ઓવરમાં 200 રનનો આંકડો પાર કર્યો. આકાશ મધવાલની ઓવરમાં રિંકુ સિંહે સતત ત્રણ બાઉન્ડરી ફટકારી. જેમાં એક ચોગ્ગા અને બે સતત છગ્ગાનો સમાવેશ થતો હતો. મધવાલની આ ઓવરથી 22 રન આવ્યા. આ રનની મદદથી કોલકાતાએ રાજસ્થાન સામે 206 રન બનાવ્યા.04:52 PM4 મે 2025રસેલે મધવાલની ઓવરમાં સતત ત્રણ બાઉન્ડરી ફટકારી16મી ઓવર ફેંકી રહેલા આકાશ મધવાલના બોલ પર આન્દ્રે રસેલે સતત ત્રણ બાઉન્ડરી ફટકારી. જેમાં બે ચોગ્ગા અને એક છગ્ગો સામેલ હતો. આકાશની આ ઓવરમાં 15 રન આવ્યા.04:51 P M 4 મે 2025રહાણે 30 રન બનાવીને આઉટ થયોકોલકાતાએ 13મી ઓવરમાં પોતાની ત્રીજી વિકેટ ગુમાવી દીધી. કેપ્ટન અજિંક્ય રહાણે 30 રન બનાવીને આઉટ થયો હતો. રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગની બોલિંગમાં વિકેટકીપર ધ્રુવ જુરેલે તેનો કેચ પકડ્યો.04:11 P M 4 મે 2025ગુરબાઝ 35 રન બનાવીને આઉટ થયો, થિક્સાનાએ પાંચમી વખત આઉટ કર્યોકોલકાતાએ 8મી ઓવરમાં પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી. અહીં રહેમાનુલ્લાહ ગુરબાઝ 35 રન બનાવીને આઉટ થયો હતો. તે મહિષ થિક્સાના બોલ પર શિમરોન હેટમાયરના હાથે કેચ આઉટ થયો હતો. થિક્સાનાને ગુરબાઝને પાંચમી વખત આઉટ કર્યો છે.04:08 P M 4 મે 2025કોલકાતાએ પાવરપ્લેમાં 56 રન બનાવ્યા અને એક વિકેટ ગુમાવી દીધીટૉસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી કોલકાતાની શરૂઆત મિક્સ્ડ રહી.

# લખનઉએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી; માર્કસ સ્ટોઈનિસ પંજાબમાં પરત ફર્યો

આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ડબલ હેડર (એક દિવસમાં બે મેચ) રમાશે. દિવસની બીજી મેચમાં, પંજાબ કિંગ્સ લખનઉ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ પંજાબના બીજા હોમ ગ્રાઉન્ડ, હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે રમાશે. આજે ધર્મશાળામાં વરસાદની 75% શક્યતા છે. આ સિઝનમાં બંને ટીમ બીજી વખત એકબીજાનો સામનો કરશે. છેલ્લી મેચમાં પંજાબે લખનઉને તેના જ ઘરમાં 8 વિકેટે હરાવ્યું હતું.પંજાબ કિંગ્સના 10 માંથી 6 મેચ જીત્યા બાદ 13 પોઈન્ટ છે અને તે પોઈન્ટ ટેબલમાં મજબૂત સ્થિતિમાં છે. કોલકાતા સામેની ટીમની એક મેચ વરસાદને કારણે રદ થઈ હતી. બીજી તરફ, લખનઉ સુપર જાયન્ટ્સે અત્યાર સુધીમાં 10 મેચમાં 5 જીત અને 5 હાર સાથે 10 પોઈન્ટ એકત્રિત કર્યા છે. આ મેચ લખનઉ માટે મહત્વપૂર્ણ રહેશે કારણ કે હાર તેમની પ્લેઓફની આશાઓને ધુંધળી બનાવી શકે છે.લાઈવ અપડેટ્સ3 મિનિટ પેહલાબન્ને ટીમની પ્લેઈંગ-11પંજાબ કિંગ્સ (PBKS): શ્રેયસ અય્યર (કેપ્ટન), પ્રભસિમરન સિંહ, પ્રિયાંશ આર્ય, જોશ ઈંગ્લિસ (વિકેટકીપર), શશાંક સિંહ, નેહલ વાઢેરા, માર્કસ સ્ટોઈનિસ, અઝમતુલ્લા ઓમરઝાઈ, માર્કો યાન્સેન, યુઝવેન્દ્ર ચહલ અને અર્શદીપ સિંહ.ઈમ્પેક્ટઃ વિજયકુમાર વૈશાખ, હરપ્રીત




બ્રાર, પ્રવીણ દુબે, સૂર્યાંશ શેડગે, ઝેવિયર બાર્ટલેટ.લખનઉ સુપરજાયન્ટ્સ (LSG): રિષભ પંત (કેપ્ટન અને વિકેટકીપર), એડન માર્કરમ, નિકોલસ પૂરન, આયુષ બદોની, ડેવિડ મિલર, અબ્દુલ સમદ, આકાશ સિંહ, દિગ્વેશ રાઠી, આવેશ ખાન, મયંક યાદવ, પ્રિન્સ યાદવ.ઈમ્પેક્ટઃ રવિ બિશ્નોઈ, મિચેલ માર્શ, હિંમત સિંહ, શાહબાઝ અહેમદ, મેથ્યુ બ્રીત્ઝકી.5 મિનિટ પેહલાલખનઉએ બોલિંગ પસંદ કરીધર્મશાલાના H P C A સ્ટેડિયમમાં લખનૌ સુપરજાયન્ટ્સે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. રવિ બિશ્નોઈની જગ્યાએ આકાશ સિંહને તક મળી. પંજાબે માર્કસ સ્ટોઈનિસને પોતાની ટીમમાં સામેલ કર્યો.5 મિનિટ પેહલાલખનઉ હેડ ટુ હેડમાં આગળલખનઉ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે IPLમાં અત્યાર સુધીમાં 5 મેચ રમાઈ છે. લખનઉએ 3 અને પંજાબે 2 જીત મેળવી. પંજાબે લખનઉમાં તેના હોમ ગ્રાઉન્ડ પર આ બંને મેચ જીતી છે. બંને ટીમ ધર્મશાળામાં પહેલી વાર એકબીજાનો સામનો કરશે.6 મિનિટ પેહલાપંજાબનો ટૉપ ઓર્ડર શાનદાર પ્રદર્શન કરી રહ્યો છેઆ સિઝનમાં પંજાબની બેટિંગ ખૂબ જ મજબૂત છે. ખાસ કરીને ટીમનો ટોપ ઓર્ડર શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. જેમાં પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ અને કેપ્ટન શ્રેયસ અય્યરનો સમાવેશ થાય છે. શ્રેયસ ટીમનો ટોપ સ્કોરર છે. તેણે 10 મેચમાં 360 રન બનાવ્યા છે. સ્પિનર યુઝવેન્દ્ર ચહલ 13 વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે ચેન્નઈ સામેની છેલ્લી મેચમાં હેટ્રિક લીધી હતી.6 મિનિટ પેહલાLSG માટે પૂરને સૌથી વધુ રન બનાવ્યાલખનઉના નિકોલસ પૂરને ટીમ માટે સૌથી વધુ રન બનાવ્યા છે. તેણે 10 મેચમાં 400 થી વધુ રન બનાવ્યા છે. મિચેલ માર્શ બીજા નંબરે છે. માર્શે 9 મેચમાં 378 રન બનાવ્યા છે. રાઈટ આર્મ મિડિયમ પેસ બોલર શાર્દૂલ ઠાકુરે ટીમ માટે સૌથી વધુ વિકેટ લીધી છે.

# પાકિસ્તાનના રાજદૂતે કહ્યું- ભારત સામે સંપૂર્ણ તાકાત સાથે લડીશું; POKમાં લોટનો સપ્લાય વધાર્યો



પાકિસ્તાને ફરી એકવાર ભારતને પરમાણુ હુમલાની ધમકી આપી છે. રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ રસિયા ટીવી સાથે વાત કરતા કહ્યું કે જો ભારત સાથે યુદ્ધ થશે તો પાકિસ્તાન પરમાણુ હથિયારનો ઉપયોગ કરશે.લીક થયેલા દસ્તાવેજોનો હવાલો આપતા ખાલિદે દાવો કર્યો હતો કે 'ભારત પાકિસ્તાનના કેટલાક વિસ્તારો પર હુમલો કરશે.' આવી સ્થિતિમાં પાકિસ્તાન સંપૂર્ણ તાકાતથી ભારત પર હુમલો કરશે.આ પહેલા પાકિસ્તાનના રેલવે મંત્રી હનીફ અબ્બાસીએ ભારત પર પરમાણુ બોમ્બથી હુમલો કરવાની ધમકી આપી હતી. અબ્બાસીએ કહ્યું હતું કે ભારત માટે શાહીન, ઘોરી અને ગઝનવી જેવી 130 મિસાઈલો રાખવામાં આવી છે.

ભારત સાથે વધતા તણાવ વચ્ચે પાકિસ્તાને POKમાં ઘઉંના લોટનો સપ્લાય વધારી દીધો છે. આગામી બે મહિના માટે પીઓકેમાં લોટનો સ્ટોક કરવામાં આવી રહ્યો છે.આ ઉપરાંત, પીઓકે માટે 1 અબજ પાકિસ્તાની રૂપિયાનું ભંડોળ પણ બનાવવામાં આવ્યું છે. આ ભંડોળ દ્વારા, L O C ની આસપાસના વિસ્તારોમાં ઘઉંના લોટનો પુરવઠો, જીવનરક્ષક દવાઓની ખરીદી વગેરે જેવી જરૂરિયાતો પૂરી કરવામાં આવશે.પાકિસ્તાન વિદેશી મીડિયાને LOC પર લઈ જશેપાકિસ્તાનનું માહિતી મંત્રાલય આજે વિદેશી મીડિયાને LOC ની મુલાકાત પર લઈ જશે. આ દ્વારા, પાકિસ્તાન પીઓકેમાં આતંકવાદી કેમ્પ હોવાના ભારતના આરોપોને ખોટા સાબિત કરવા માંગે છે. પાકિસ્તાનના માહિતી મંત્રાલયે આ માટે એક પ્રેસ રિલીઝ પણ જાહેર કરી છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે વિદેશી મીડિયાને એવી જગ્યાઓ પર લઈ જવામાં આવશે જ્યાં ભારત આતંકવાદી કેમ્પ હોવાનો દાવો કરે છે. પાકિસ્તાને ભારત પર L O C પર આતંકવાદી ઠેકાણાઓ વિશે પાયાવિહોણા દાવા કરવાનો આરોપ લગાવ્યો છે.આ ઉપરાંત, પાકિસ્તાને તેના બંદરોમાં ભારતીય ધ્વજવાળા જહાજોના પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. ભારતે પહેલાથી જ પાકિસ્તાની ધ્વજવાળા જહાજો પર પ્રતિબંધ લગાવી દીધો છે.ભારતે પણ તેના જહાજોને પાકિસ્તાની બંદરો પર જવા પર પ્રતિબંધ મૂક્યો હતો. (આ તસવીર કરાચી બંદરની છે.)ભારતે પણ તેના જહાજોને પાકિસ્તાની બંદરો પર જવા પર પ્રતિબંધ મૂક્યો હતો. (આ તસવીર કરાચી બંદરની છે.)ભારતે પાકિસ્તાનથી થતી આયાત પર પ્રતિબંધ મૂક્યોભારતે પાકિસ્તાનથી આવતા તમામ માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. હવે પાકિસ્તાનથી સીધું કે અન્ય કોઈ માર્ગે કંઈપણ ભારત લાવી શકાશે નહીં.આ નિર્ણય દેશ અને જનતાની સુરક્ષાના હિતમાં લેવામાં આવ્યો છે. આ નિયમ તાત્કાલિક અમલમાં આવ્યો છે. સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું છે. એવું કહેવામાં આવ્યું હતું કે જો કોઈને આ પ્રતિબંધમાંથી મુક્તિ જોઈતી હોય તો તેણે પહેલા ભારત સરકારની મંજુરી લેવી પડશે.પાકિસ્તાની નેતાઓએ આતંકવાદને ઉછેરવાની કબૂલાત કરીપહેલગામ હુમલા બાદ પાકિસ્તાની નેતાઓ સતત વિદેશી મીડિયાને ઈન્ટરવ્યુ આપી રહ્યા છે. આ દરમિયાન, પાકિસ્તાની નેતાઓએ પણ આતંકવાદને ઉછેરવાની કબૂલાત કરી છે.એક અંગ્રેજી ચેનલ સાથે વાત કરતા, પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી અને પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટોએ સ્વીકાર્યું કે પાકિસ્તાન, પશ્ચિમી દેશો સાથે મળીને, આતંકવાદી સંગઠનોને પ્રોત્સાહન આપી રહ્યું છે.બિલાવલે કહ્યું, ₹આ પાકિસ્તાનનો ઈતિહાસ છે અને તે કોઈથી છુપાયેલ નથી.₹અગાઉ, પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે સ્વીકાર્યું હતું કે તેમનો દેશ છેલ્લા 30 વર્ષથી આતંકવાદીઓને સમર્થન અને તાલીમ આપી રહ્યો છે. તેમણે કહ્યું કે તેઓ અમેરિકા અને પશ્ચિમી દેશો માટે આ 'ગંદા કામ' કરી રહ્યા છે.

દેશ - વિદેશ


# સિંગાપોરની સામાન્ય ચૂંટણીમાં PM વોંગ અને પીએપીનો વિજય:પાર્ટીએ 97માંથી 87 બેઠકો જીતી; 1965થી સત્તામાં

સિંગાપોરમાં શનિવારે થયેલી સામાન્ય ચૂંટણીમાં વડા પ્રધાન લોરેન્સ વોંગ અને તેમની પીપલ્સ એક્શન પાર્ટી (PAP)એ જીત મેળવી. પાર્ટીએ 97 સંસદીય બેઠકોમાંથી 87 બેઠકો જીતી.શનિવારે સિંગાપોરના લગભગ 2.6 મિલિયન એટલે કે 26 લાખ લોકોએ મતદાન કર્યું. ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા 1965થી સત્તામાં રહેલી પીપલ્સ એક્શન પાર્ટી (PAP) અને મુખ્ય વિપક્ષી વર્કર્સ પાર્ટી (WP) વચ્ચે હતી. આ બે સિવાય, અન્ય ઘણી નાની પાર્ટીઓ પણ ચૂંટણી મેદાનમાં હતી.સિંગાપોરમાં 33 મતવિસ્તારોમાં 97 સંસદીય બેઠકો માટે મતદાન થયું. આમાં સિંગલ મેમ્બર કોન્સ્ટિટ્યુન્સી (SMC) અને ગ્રુપ રિપ્રેઝન્ટેશન કોન્સ્ટિટ્યુન્સી (G R C) નો સમાવેશ થાય છે. GRCs માટે 4-5 ઉમેદવારોની ટીમ ચૂંટણી લડે છે, જેમાંથી ઓછામાં ઓછો એક લઘુમતી સમુદાય (મલય, ભારતીય અથવા અન્ય)માંથી હોવો જોઈએ.સિંગાપોરના પીએમ લોરેન્સ વોંગ તેમની પત્ની સાથે મતદાન કરવા માટે મતદાન મથક પર.સિંગાપોરના પીએમ લોરેન્સ વોંગ તેમની પત્ની સાથે મતદાન કરવા માટે મતદાન મથક પર.પીએમ પદ માટે મુખ્ય દાવેદારોલોરેન્સ વોંગઃ લોરેન્સ વોંગે 15 મે 2024ના રોજ સિંગાપોરના વડા પ્રધાન તરીકે લી હસીન લૂંગનું સ્થાન લીધું. તેઓ PAP ના સેક્રેટરી જનરલ પણ છે. આ પહેલા તેઓ નાણામંત્રી અને નાયબ પ્રધાનમંત્રીની જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે. કોવિડ-19 દરમિયાન લેવામાં આવેલા નિર્ણયો અને આર્થિક નીતિઓને કારણે તેમને ઘણી લોકપ્રિયતા મળી.હેંગ સ્વી કીટઃ સિંગાપોરના નાયબ વડા પ્રધાન. તેઓ પીએપીના વરિષ્ઠ નેતા છે. હેંગને પહેલા મજબૂત દાવેદાર માનવામાં આવતા હતા, પરંતુ 2021માં તેઓ સ્વાસ્થ્યના કારણોસર વડા પ્રધાન પદની રેસમાંથી ખસી ગયા. જો લોરેન્સ વોંગ કોઈપણ કારણોસર પાછળ હટી જાય છે, તો હેંગ સ્વી કીટ મુખ્ય ઉમેદવાર બની શકે છે.પ્રીતમ સિંહઃ વર્કર્સ પાર્ટીના વડા પ્રીતમ સિંહ પણ સિંગાપોરના રાજકારણમાં એક અગ્રણી ચહેરો છે, જોકે તેમની પાર્ટી ફક્ત 26 બેઠકો પર ચૂંટણી લડી રહી હોવાથી વડા પ્રધાન બનવાની તેમની શક્યતા લગભગ શૂન્ય છે. ભારતીય મૂળના પ્રીતમ સિંહના નેતૃત્વમાં, વર્કર્સ પાર્ટીએ છેલ્લી ચૂંટણીઓમાં મજબૂત પ્રદર્શન કર્યું હતું અને 10 બેઠકો જીતી હતી.આ વર્ષે ફેબ્રુઆરીમાં સિંગાપોરની એક કોર્ટે તેમને સંસદમાં શપથ લઈને ખોટું બોલવાના બે આરોપોમાં દોષિત ઠેરવ્યા ત્યારે તેમનું નામ વિવાદમાં ફસાઈ ગયું હતું. આ માટે, તેમને બે વાર $5,220ના દંડ પણ ફટકારવામાં આવ્યા હતા.ફક્ત PAPએ બધી બેઠકો પર ચૂંટણી લડી ચૂંટણીમાં 11 પક્ષોએ ભાગ લીધો હતો, પરંતુ ફક્ત પીએપીએ જ બધી 97 બેઠકો પર ચૂંટણી લડી હતી. વર્કર્સ પાર્ટીએ માત્ર 26 બેઠકો પર ચૂંટણી લડી. ફક્ત છ પક્ષોએ 10



થી વધુ બેઠકો પર ચૂંટણી લડી.2020 ની સામાન્ય ચૂંટણીમાં કુલ 93 બેઠકો માટે મતદાન થયું હતું, જેમાં PAPએ 83 બેઠકો જીતી હતી, જેમાં 61.24% મત મળ્યા હતા. જ્યારે વર્કર્સ પાર્ટીએ 10 બેઠકો જીતી હતી.આ ચૂંટણીમાં આર્થિક વિકાસ, રોજગાર, વધતી જતી મોંઘવારી, આરોગ્ય, શિક્ષણ અને સરકારમાં લઘુમતી સમુદાયની ભાગીદારી મુખ્ય મુદ્દાઓ હતા.વૈશ્વિક અર્થતંત્ર પર યુએસ ટેરિફના કારણે ઉભી થયેલી અનિશ્ચિતતાઓ વચ્ચે પીએમ વોંગ અને પીએપીએ જનતા પાસેથી નવો આદેશ માંગ્યો હતો.સિંગાપોરના નાયબ વડા પ્રધાન હેંગ સ્વી કીટ પીએપીના વરિષ્ઠ નેતા છે.સિંગાપોરના નાયબ વડા પ્રધાન હેંગ સ્વી કીટ પીએપીના વરિષ્ઠ નેતા છે.સિંગાપોરમાં મતદાન એ નાગરિક ફરજ સિંગાપોરમાં 21 વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે મતદાન ફરજિયાત છે. 2020ની ચૂંટણીમાં કુલ 95.81% મતદાન નોંધાયું હતું. આ વખતે પણ, મતદાનની ટકાવારી ઘણી વધારે રહેવાની અપેક્ષા છે, કારણ કે સિંગાપોરમાં મતદાનને નાગરિક ફરજ ગણવામાં આવે છે. સિંગાપોરમાં ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ સિસ્ટમનો ઉપયોગ થાય છે, જેમાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવાર જીતે છે.ભારતીય સમુદાયને આકર્ષવાના પ્રયાસો પીએમ વોંગે ભારતીય સમુદાયને આકર્ષવા માટે અનેક પગલાં લીધાં છે. તેમણે થોડા સમય પહેલા કહ્યું હતું કે ભારતીય સમુદાયની વાર્તા સિંગાપોરની વાર્તાનો એક ભાગ છે. બીજી તરફ, વિરોધ પક્ષ WP યુવા મતદારો અને શહેરી મધ્યમ વર્ગને આકર્ષવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.વડા પ્રધાન લોરેન્સ વોંગે ગયા મહિને જાહેરાત કરી હતી કે તેમની P A P પાર્ટી આ ચૂંટણીમાં ભારતીય મૂળના ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. ભારતીય સમુદાયના યોગદાનને ઓળખવા અને તેમની ભાગીદારી વધારવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.2020ની ચૂંટણીમાં, PAP એ ભારતીય મૂળના કોઈ નવા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હતા, ત્યારબાદ તેના અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા હતા. સિંગાપોરની વસ્તીમાં ભારતીય મૂળના લોકો 7.5% છે, જ્યારે ચીની મૂળના લોકો 75% અને મલય મૂળના લોકો 15% છે.સિંગાપોરમાં 65 વર્ષથી એક જ પક્ષનું શાસન છેપીપલ્સ એક્શન પાર્ટી (P A P) એ 1959થી સિંગાપોર પર સતત શાસન કર્યું છે. સિંગાપોરની રાજકીય વ્યવસ્થાને જાપાન (1955-1993, લિબરલ ડેમોક્રેટિક પાર્ટી)ની જેમ ₹એક-પક્ષીય વ્યવસ્થા₹ માનવામાં આવે છે, જ્યાં એક પ્રભાવશાળી પક્ષ શાસન કરે છે, અને વિપક્ષનો પ્રભાવ મર્યાદિત હોય છે.ઈન્સ્ટિટ્યૂશનલ રિવોલ્યુશનરી પાર્ટી (PRI, 1929-2000) પછી, PAP મેક્સિકોનો બીજો સૌથી લાંબો સમય સત્તામાં રહેતો પક્ષ છે.છેલ્લા 65 વર્ષથી સિંગાપોરમાં અન્ય કોઈ પક્ષે સરકાર બનાવી નથી. જોકે, સિંગાપોરમાં બીજી ઘણી પાર્ટીઓ છે.1959માં ચૂંટણી જીત્યા બાદ લી કુઆન યૂ.1959માં ચૂંટણી જીત્યા બાદ લી કુઆન યૂ.સિંગાપોરમાં એક જ પક્ષનું શાસન કેમ છે?લી કુઆન યૂએ વડા પ્રધાન બન્યા પછી 1961માં મુખ્ય વિરોધ પક્ષને નાબૂદ કર્યો. આ પછી, 1968ની સામાન્ય ચૂંટણીઓમાં, મોટાભાગના વિરોધ પક્ષોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો. 1981માં વર્કર્સ પાર્ટી (WP)એ પ્રથમ વિપક્ષી બેઠક (એન્સન) જીતી.2020માં, વર્કર્સ પાર્ટીએ પહેલી વાર સૌથી વધુ 10 બેઠકો જીતી. પ્રીતમ સિંહને ઔપચારિક વિપક્ષી નેતાનો દરજ્જો મળ્યો.

# રાજ્યમાં આજથી ગાજવીજ, વંટોળિયા સાથે માવઠાં, તા. 5થી 7 ઓરેન્જ એલર્ટ



: રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન અને તેના કારણે રાજસ્થાનથી ગુજરાત ઉપર થઈને મહારાષ્ટ્ર, કર્ણાટક સુધી ઉતર-દક્ષિણ ટ્રોફ સર્જાતા મૌસમમાં પલટો આવ્યો છે. ગુજરાતમાં આગામી 5 દિવસ 40થી 50 કિ.મી.ની મીની વાવાઝોડા જેવો તીવ્ર પવન ફૂંકાવા સાથે અને વિજળીના કડાકા ભડાકા સાથે માવઠાંની આગાહી કરાઈ છે જે માટે આવતીકાલે યલો એલર્ટ (એટલે કે સ્થિતિ પર વોચ રાખવી) અને સોમવારથી પગલા લેવાનું સૂચવતું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે.

હાલ વેકેશન શરૂ થઈ રહ્યું છે અને લોકો કેદારનાથ,બદ્રીનાથ સહિત યાત્રા અને હરવા ફરવા ઉપડી રહ્યા છે,રવિવારે સ્થાનિક સ્થળોએ પ્રવાસન સ્થળોએ ભારે ભીડ જામતી હોય છે ત્યારે આવતીકાલથી સપ્તાહ સુધી ખરાબ મૌસમ અન્વયે પ્રવાસમાં તકેદારી રાખવી જરૂરી છે તેમજ ગોંડલ યાર્ડમાં ડુંગળીની આવક નિયંત્રીત કરવા સૂચના અપાઈ છે તેમજ સૌરાષ્ટ્રના તમામ યાર્ડમાં જણસીઓ ખુલ્લામાં નહીં રાખવા સૂચના અપાઈ છે.

મૌસમ વિભાગ અનુસાર આગામી 6 દિવસમાં ગાજવીજ અને 50 KM ની ઝડપે પવન સાથે હળવા-મધ્યમ વરસાદની શક્યતા છે. આવતીકાલ રવિવારે રજાના દિવસથી આ હવામાન પલટાશે જેમાં અમરેલી, ભાવનગર, કચ્છ, વડોદરા, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, પાટણ, અરવલ્લી વગેરે જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે. સોમવારે આ વરસાદનું જોર વધીને રાજકોટ,જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, કચ્છ વગેરે 50 કિ.મી.સુધીની ઝડપે મીની વાવાઝોડા સાથે મંડપ,છાપરાં વગેરે ખેદાનમેદાન કરી દે તેવા વરસાદની શક્યતા છે. આ ઉપરાંત જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, દ્વારકા, દિવ તેમજ ગુજરાતના આણંદગ, ગાંધીનગર, વડોદરા, સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારો માટે આ ચેતવણી અપાઈ છે.

દરિયો પણ આ સમયે તોફાની બનશે. આવતીકાલ તા.૪ના સૌરાષ્ટ્ર-કચ્છના જકૌ, માંડવી, મુંદ્રા, કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર વગેરે દરિયાકાંઠાના સ્થળોએ 55 કિ.મી.સુધી મીની વાવાઝોડુ ફૂંકાવાની ચેતવણી અપાઈ છે. માછીમારોને દરિયો નહીં ખેડવા જણાવાયું છે. આજે પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં 20થી 30 કિ.મી.ની ઝડપે તીવ્ર પવન ફૂંકાયો હતો. સાથે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. સૌથી વધારે રાજકોટમાં 41.8 સે.અને વલ્લભવિદ્યાનગરાં 41.5, જ્યારે સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, ગાંધીનગરમાં 41, વડોદરા 40.4 અને અન્યત્ર પારો 4- સે. નીચે રહ્યો હતો. પરંતુ, આ સાથે પરસેવો લાવી દેતો બફારો વધ્યો હતો.આમ, મૌસમ પલટાની અસર આજથી જ વર્તાવા લાગી છે.

# રાજકોટના લોધિકામાં પાકિસ્તાની મહિલા, તેનો પુત્ર- પૌત્ર ઝડપાયા




પહલગામ આતંકવાદી હુમલા પછી સરકારે ભારતમાં ગેરકાયદે વસતા અને ઘુસણખોરી કરેલા પાકિસ્તાની નાગરિકો અંગે કડક કાર્યવાહી કરવા અપાયેલા આદેશ અન્વયે પાકિસ્તાનના લીયારી વિસ્તારના વતની અને 25 વર્ષથી કોઈ વીઝા કે પરમીટ વગર ગેરકાયદેસર રીતે રાજકોટ જિલ્લાના લોધિકાના ચીભડાનાકા રોડ પર રહેતા (1) રીઝવાના મુનાફભાઈ ટાટારીયા (ઉ.વ. 50), તેનો પુત્ર (2) ઝીશાન મુનાફ ટાટારીયા (ઉ.વ. 29) અને (3) ઝીશાનનો સગીર વયનો પુત્ર એ ત્રણ પાકિસ્તાની નાગરિકોને રાજકોટ રૂરલ પોલીસ દ્વારા આજે ઝડપી લેવાયા છે.

આ અંગે રાજકોટ ગ્રામ્ય પોલીસના સૂત્રોએ જણાવ્યા મૂજબ લોધિકાના વતની મુનાફ ટાટારીયા ઈ.સ. 1992માં વર્ક પરમીટ પર કરાંચી ગયા હતા અને ત્યાં પાકિસ્તાની નાગરિક આમાન ઉર્ફે અહેમદ અબ્દુલ્લાકાસમ ધરા ખત્રીના પુત્રી અને ઈ.સ.૧૯૭૫માં પાકિસ્તાનમાં જન્મેલ રીઝવાના સાથે તેણે લગ્ન કરી લીધા હતા. જે દરમિયાન કરાંચીમાં જ તેમને પુત્ર ઝીશાનનો જન્મ થયો હતો. આમ, ઝીશાન પાકિસ્તાનમાં જન્મેલ અને આજની તારીખે પાકિસ્તાની નાગરિક છે.

ઈ.સ. 1994માં મુનાફ ટાટારીયા ભારત આવી ગયેલ અને બાદમાં તેના પાકિસ્તાનના નાગરિકો એવા પત્ની રીઝવાના અને પુત્ર ઝીશાન તા. 30-7-1999ના પાકિસ્તાની પાસપોર્ટ પર રાજકોટ જિલ્લાના લોધિકામાં આવી ગયા હતા અને પછી વીઝાની મુદત પૂરી થવા છતાં પણ પરત જવાને બદલે અહીં જ રોકાઈ ગયા હતા. ગંભીર વાત એ છે કે પાકિસ્તાની નાગરિક એવા ઝીશાને પોતાનું નાગરિકત્વ જાહેર કર્યા વગર કે ભારતનું નાગરિકત્વ નહીં હોવા છતાં ભારતીય મહિલા સાથે ઈ.સ. 2021માં લગ્ન કર્યા હતા જેનાથી તા. 10-9-2022ના તેમને એક સંતાન થયેલ છે. નિયમોનુસાર આ સંતાન પણ પાકિસ્તાની નાગરિક ગણાય છે. આમ, આજે પાકિસ્તાની મહિલા, તેનો પુત્ર અને તેનો પૌત્ર એ ત્રણેયની પોલીસે નજર કેદ કર્યા છે અને એલ.સી.બી.ના પી.એસ.આઈ. એચ.સી.ગોહિલ તથા લોધિકાના પી.આઈ. આઈ.એમ.સરવૈયા વગેરે દ્વારા આ કાર્યવાહી કરાઈ હતી. હવે પોલીસ દ્વારા કેન્દ્રના ગૃહમંત્રાલયને રિપોર્ટ કરીને આ ત્રણેયને તેમના દેશ મોકલવા ડિપોર્ટ કરવા કાર્યવાહી હાથ ધરાશે.

# અમરેલીમાં પત્ની સાથે પ્રેમાલાપમાં ગળાડૂબ પ્રેમી શખ્સને ધોકાવી નાંખ્યો

## અમરેલી,



જયારથી મોબાઈલ ફોન આવ્યો ત્યારથી લગ્નબાહ્ય ( એક્સ્ટ્રા મેરીટાલ રીલેશન અફેર્સના) બનાવો વધવા લાગ્યા છે. આવો જ એક બનાવ અહીના હનુમાનપરા વિસ્તારમાં બન્યો છે. જેમાં એક કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા વ્યવસાયિકને એમની પાટલા સાસુ સાથે પ્રેમસબંધ બંધાઈ જતા બન્ને આગળ વધી ગયા હતા.એક સમયે આ બન્ને એક જ રૂમમાં હતા અને નાનો સાઢુ આવી જતાં ગુસ્સે થઈને પ્રેમમગ્ન સાઢુ પર હુમલો કરી દીવાલમાં માથા ભટકાડી માર મારવા લાગતા આ મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ ઘટનામાં જેણે માર ખાધો છે એણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેની સાથે એના પાટલા સાસુ ફોનમાં વાતચીત કરવા લાગતા બન્ને પ્રેમમાં ગળાડૂબ બની ગયા હતા. એ પછી આ દોર સતત ચાલુ જ રહ્યો હતો. એક સમયે એના પાટલા સાસુ કમ પ્રમિકાએ પ્રેમી કમ નાના જમાઈને ફોન કરી એમના પતિની ગેરહાજરીમાં એમના ઘરે બોલાવ્યા હતા. આથી તે ત્યાં ગયા હતા. એમની પાટલા સાસુ પ્રેમિકા અને પોતે એક રૂમમાં હતા આ જ વખતે ખાસ્સા સમય બાદ આ પ્રેમિકાનો પતિ ઘરે આવી જતાં અને એક જ રૂમમાં બન્નેને જોઈ જતાં જ આ સાઢુભાઈનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. એણે ગુસ્સામાંજ પત્નીના પ્રેમીને પકડી દીવાલમાં માથું ભટકાડી લમધારી નાંખ્યો હતો. આખરે આ મામલામાં હુમલાનો ભોગ બનેલા પ્રેમીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જોગણીયા ડુંગર પર 29 બાળકો, 4 ઈન્સ્ટ્રક્ટર સહિત 33 ઉપર મધમાખીના ઝુંડનો હુમલો



જૂનાગઢ જોગણીયા ડુંગર પર આજે સવારે પર્વતારોહણની એડવેન્ચર કોર્સની તાલીમમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી 101 તાલીમાર્થીઓ જોડાયા હતા. ટ્રેકિંગ પૂર્ણ કરી નીચે આવતા શિબિરાર્થીઓ પર મધમાખીના ઝુંડે હુમલો કર્યો હતો. મધમાખીના ડંખથી 29 શિબિરાર્થીઓ, ચાર ઈન્સ્ટ્રક્ટર મળી કુલ 33ને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તને 108 મારફત સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં એક ઈન્સ્ટ્રક્ટર યુવતીને વધુ ઈજા થતાં આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે ભાગદોડ વખતે પડી જતા બાળકીને પગમાં ફ્રેકચર થયું હતું. અન્ય બાળકો સ્વસ્થ જાહેર કરાયા હતા. સમગ્ર બનાવ અંગે જિલ્લા કલેકટરે રિપોર્ટ મંગાવ્યો છે. જૂનાગઢમાં પર્વતારોહણ કેન્દ્ર દ્વારા સાત દિવસીય એડવેન્ચર કોર્ષ અંતર્ગત તા. 1થી 7 મે સુધી તાલીમ શિબિરનું આયોજન કરાયું છે.

જેમાં ગુજરાતના વિવિધ જિલ્લામાંથી 8થી 13 વર્ષના 101 તાલીમાર્થી બાળકો જોડાયા હતા.આજે દામોદર કુંડ પાજનાકા પાસેથી જોગણીયા ડુંગર પર તાલીમ માટે રાજકોટ, જૂનાગઢ, જામનગર, અમદાવાદ, મોરબી, અમરેલી સહિત ગુજરાત ભરમાંથી 101 તાલીમાર્થીઓ ટ્રેકિંગ માટે પહોંચ્યા હતા. ટ્રેકિંગ સંપન્ન થયા બાદ જોગણીયા ડુંગર પરથી નીચે ઉતરતી વખતે રસ્તામાં જ પર્વત પર જ મધમાખીના ઝૂંડે તાલીમાર્થીઓ પર આક્રમણ કર્યું હતું. બનાવના કારણે બાળકો હેબતાઈ ગયા હતા. મધમાખી કરડવાના કારણે 29 તાલીમાર્થી અને ચાર સ્વયંસેવક મળી કુલ ૩૩ને ઈજા થઈ હતી. જેમાં બાળકોને મોં, પગ, હાથ, વાસા, ગળા અને માથા પર મધમાખીએ ડંખ માર્યા હતા. બનાવની જાણ થતા જૂનાગઢ વન વિભાગ પર્વતારોહણ કેન્દ્ર, ફાયર તથા 108ની ટીમ સ્થળ પર પહોંચી રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી. પર્વત પર તાલીમાર્થીઓ સાથે ઈન્સ્ટ્રક્ટર તથા સ્વયંસેવકાની ટીમ પણ હતી. તેઓ દ્વારા ઈજાગ્રસ્ત બાળકોને નીચે લાવવા કામગીરી હાથ ધરી હતી અને 101 તાલીમાર્થીમાંથી 33ને મધમાખીના ઝુંડે ડંખ મારતા તેની તબીયત ખરાબ થતા તાત્કાલિક 108ની 4 મ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.

જામનગર મહાનગરપાલિકા દ્વારા લાંબા સમયથી સ્માર્ટ સિટી ની વાતો કરવામાં આવી રહેલ છે પરંતુ સાચા અર્થમાં અને જનહિતમાં તેનો અમલ પણ કરવો જરૂરી છે. જનહિત ની સાથે જન સલામતી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નામદાર હાઈકોર્ટ ના હુકમો છતાં જામનગર જેવા શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ ઘણા સમયથી વકરી રહેલ છે. તાજેતરમાં શહેરમાં વયોવૃદ્ધ નાગરિકો ને ઢોરઢાંખર દ્વારા અડફેટે લઈને ઈજા પહોંચાડવાની ઘટના ચિંતાજનક છે. જેનો વિડિઓ પણ ખૂબ જ વાયરલ થયો છે. રમીલા જોશી પ્રેસ રીપોર્ટર મુંબઈ તરંગ દૈનિક

# અમરેલી પંથકની 16 વર્ષની મોડેલ પર કારમાં દુષ્કર્મ



રાજકોટની હોટલમાં મિત્ર સાથે રહેતી મૂળ અમરેલી પંથકની 16 વર્ષની મોડેલને કારમાં ગોંડલ ચોકડી પાસે લઇ જઇ રીબડાના અમિત ખૂંટ નામના શખ્સે દુષ્કર્મ આચર્યાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપી અમિત ખૂંટની શોધખોળ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મૂળ અમરેલી પંથકની 16 વર્ષની તરૂણી મોડેલીંગ ઉપરાંત શૂટિંગનું કામ કરે છે. તે રાજકોટમાં તેની મહિલા મિત્ર સાથે હોટલમાં રહે છે. તરૂણીનો આશરે દસેક દિવસ પહેલા ઈન્સ્ટાગ્રામમાં આરોપી અમિત ખૂંટ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત થતાં મિત્રતા થઇ હતી.

દરમિયાન ગઈકાલે આરોપી અમિતે તરૂણીને મળવા બોલાવતા તે તેની હોટલેથી રીક્ષામાં વિરાણી ચોક પાસે ગઇ હતી. જ્યાંથી આરોપી અમિત તેને પોતાની હેરિયર કારમાં બેસાડી લઇ ગયો હતો. જ્યાં બંનેએ જ્યુસ પીધા બાદ આરોપીએ કાર ગોંડલ ચોકડી પાસેના વિસ્તારમાં ચલાવી હતી અને એક સ્થળે કાર પાર્ક કરી આરોપીએ તરૂણીને હવસનો શિકાર બનાવી હતી. આ ઘટના બાદ તરૂણીએ આ મામલે આજે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ આર.જી. બારોટ સહિતના સ્ટાફે તેની ફરિયાદ પરથી અમિત ખૂંટ સામે ગુનો દાખલ કરી તરૂણીનું મેડીકલ ચેકઅપ કરાવવા સહિતની કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# કુખ્યાત લલ્લા બિહારી અને તેના પુત્રને લઈને પોલીસ પહોંચી ચંડોળા, રિકન્સ્ટ્રક્શન કરાયું અને નોંધ્યા નિવેદન



અમદાવાદ શહેરના ચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ અને વીજ કનેકશનની સાથે અનેક ગુનાહિત પ્રવૃતિ આચરનાર લલ્લા બિહારી ઉર્ફ મહમૂદ પઠાણની ધરપકડ કરી હતી. ત્યારબાદ કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ વચ્ચે આજે અમદાવાદ પોલીસની ટીમ લલ્લા બિહારી અને તેના પુત્રને લઈને ચંડોળા વિસ્તારમાં પહોંચી હતી અને ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાયું હતું.ચંડોળા ખાતે આરોપી પિતા-પુત્રનું રિકન્સ્ટ્રક્શન કરીને નોંધ્યા નિવેદનઅમદાવાદમાં છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ચંડોળા તળાવ પાસે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને પકડી તેમના ગેરકાયદે દબાણ દૂર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન આ સમગ્ર મુદ્દે ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશીઓને મદદ કરનાર લલ્લા બિહારી નામનો માસ્ટર માઈન્ડ સામે આવ્યો હતો. લલ્લા બિહારીને ભારે જહેમત બાદ રાજસ્થાનથી ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે આ પહેલા 29 એપ્રિલે તેના દીકરા ફતેહ મોહમ્મદની ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે આજે રવિવારે (4 મે, 2025) અમદાવાદ પોલીસની ટીમ આરોપી લલ્લા બિહારી અને તેના પુત્રને પકડીને ચંડોળા વિસ્તાર ખાતે લલ્લાએ કઈ રીતે કઈ જગ્યાએ દબાણો કર્યા હતા તે તમામ જગ્યા પર પોલીસ તેને લઈને ગઈ હતી અને નિવેદન નોંધ્યા હતા.આ પણ વાંચોઃ કુખ્યાત લલ્લા બિહારી આખરે ઝડપાયો, ચંડોળા તળાવ વિસ્તારમાં બાંગ્લાદેશીઓને ગેરકાયદે આશરો આપતોચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ અને વીજ કનેકશનની સાથે અનેક ગુનાહિત પ્રવૃતિ આચરનાર લલ્લા બિહારીની ધરપકડ બાદ પોલીસે શરૂ કરેલી પ્રાથમિક પુછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયા હતા. જેમાં લલ્લા બિહારી બાંગ્લાદેશીઓની ઘુષણખોરીનું નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. જે માટે તે બાંગ્લાદેશી તેમજ અન્ય એજન્ટોના સંપર્કમાં હતો. સાથે સાથે તેણે ગેરકાયદે આવકથી સોનામાં રોકાણની સાથે કન્ટ્રક્શનના વ્યવસાયમાં તેમજ ઉત્તરપ્રદેશમાં જમીનમાં મોટાપાયે નાણાં રોક્યા હતા. પોલીસને તેની પાસેથી મળી આવેલી હિસાબની ડાયરીમાં અનેક વિગતો મળી છે. જેના આધારે આગામી સમયમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.આ પણ વાંચોઃ ચંડોળા તળાવ ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ, ફરી દબાણ ના થાય તે માટે AMCની કવાયત5 કિ.મી. પ્રોટેક્શન વૉલ બનાવાશેઅમદાવાદના ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનની કામગીરી કરીને તંત્રએ 4000 જેટલા ઝુંપડા, નાના-મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે આ જગ્યા પર ફરીથી દબાણો ન થાય તે માટે કોર્પોરેશન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, ત્યારે ચંડોળા તળાવની ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં 3 કરોડના ખર્ચે 5 કિલોમીટરની બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા તળાવની બાઉન્ડ્રી નક્કી કરવામાં આવી નથી.

# ગોંડલનાં વેપારીના ૩૦ ટન ઘઉં બારોબાર વેંચી ટ્રકને સુરત પાસે રેઢો છોડી દીધો



ગોંડલના વેપારીના 30 ટન ઘઉં બારોબાર વેંચી નાંખી મુંબઈના કમિશન એજન્ટ, ટ્રાન્સપોર્ટના માલિક અને ટ્રક ચાલકે રૂ. 9.30 લાખની છેતરપીંડી આચરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ટ્રક કીમ જીઆઇડીસી (સુરત) પાસે ખાલી હાલતમાં સુરત પાસેથી રેઢો મળી આવતાં ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે ગોંડલમાં રહેતાં મયુરભાઈ હસમુખભાઈ ભાલાળા (ઉ.વ. 36)એ નોંધાવેલ ફરીયાદમાંજણાવ્યું હતું કે, તેઓને જામવાડી જીઆઇડીસી, ગંગોત્રી સ્કુલ સામે નેશનલ હાઈવે ઉપર અનાજ સાફ સફાઈનુ ગણેશ એગ્રી શોર્ટેક્સ નામનું કારખાનું આવેલ છે. ગઇ 28/3ના મુંબઈ ના અનાજના દલાલ ચેતનભાઈ તુલસી ટ્રેડીંગ હસ્તક હીમત કોર્પોરેશન વાસી માર્કેટીંગ મુંબઈને 15 ટન ઘઉં તથા મહેક એન્ટરપ્રાઇઝને 9 ટન ઘઉં, રજની ટ્રેડીંગને 6 ટન ઘઉં મોકલવાના હોય જેથી ચેતનભાઈ સાથે ટ્રાન્સપોર્ટ બાબતે વાત થતા તેમને હીમત ગૌરીના નંબર આપેલ અને કહેલ કે, આ હીમત ગાડી ભાડે બાંધી આપવાનુ કામ કરે છે.તેઓએ તેમને ફોન કરતા તેમને પ્રીયા ટ્રાન્સપોર્ટ વાળા સુરેશભાઈ ચૈરસીયાની ગાડી ભાડે બાંધી આપેલ જેથી તા. 28/03ના રાત્રી ના પ્રીયા ટ્રાન્સપોર્ટ વાળા સુરેશ ચૌરાસીયાનું કન્ટેનર કારખાને આવેલ ત્યાં ડ્રાઈવરનુ નામ પુછતા પોતાનુ નામ મશરૂમઅલી સજનુદીન તરીકે ઓળખ આપેલ અને કહેલ કે, મને પ્રીયા ટ્રાન્સપોર્ટમાથી મોકલેલ છે, અમારે વાસી માર્કેટનો માલ ભરવાનો છે. જેથી હીમત ગોરીનો મેસેજ આવેલ હતો.જે મેસેજ સાથે ગાડી વેરીફાય કરતા તે કારખાને આવેલ ટ્રક જ હોવાથી ૩૦ ટન ઘઉં ભરી આપેલ હતા. તેનુ બીલ રૂ.૯.૩૦ લાખ બનાવેલ હતુ. બાદમાં ડ્રાઈવર ટ્રક લઈ ઘઉ સાથે નીકળી ગયેલ હતો. પરંતુ ટ્રક 4 સમયે ન પહોંચતા આ બાબતે પુછતા ગલ્લા તલ્લા કરાતા પોલીસમાં અરજી કરતાં.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**